પ્રેમશીલ શૃંગાર.

(કવિતામાં)

રચનાર

સાધુ. પ્રેમદાસ રામાચાર્ય.

જામનગરના

મુંબઈ.

એશિયાટીક પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યો.

સવંત ૧૯૩૧

સન ૧૮૭૫.

નિછાવર ૪ આના.

પ્રસ્તાવના.

આ અમારો પ્રથમ પ્રયત્ન વિદ્વજ્જનોની સેવામાં મૂકતાં બુદ્ધિદોષની તથા દ્રષ્ટિદોષની ક્ષમા માગીએ છૈએ, આ ગ્રંથ અમે ઘણા દિવસ થયાં રચી રાખ્યો હતો, પરંતુ છપામણી ખરચ જેટલા દ્રવ્યની જોગવાઇવિના તત્કાળ છપાવી બાહાર પાડવામાં અસુરૂ થયુંછે. દ્રવ્યની જોગવાઇ અને કોઇ વિદ્યાને ચાહનાર વિવેકી ગ્રહસ્થની મદદવિના અમારા બીજા કેટલાક ઉપયોગી ગ્રંથો પણ છપાવ્યા સિવાય અમારી પાસેજ પડેલાછે. તે કોઇ તેવા સદગૃહસ્થની મદદ મળ્યે છપાવી બાહાર પાડશું. તે ગ્રંથોની ટીપ.

વેદાંત પરિભાષા (હિંદુસ્તાની ગદ્યમાં) હસ્તામળની ટીકા (કવિતબંધ. હિંદુસ્તાનીમાં) આત્મબોધની ટીકા (કવિતબંધ. હિંદુસ્તાનીમાં) અનુભવદીપક (ગદ્યમાં. હિંદુસ્તાનીમાં) પંચીકરણ (ગુજરાતી કીર્તનમાં) દક્ષિણામૂર્તિસ્તોત્ર (હિંદુસ્તાની કવિતામાં) ગુરૂ ગીતા (હિંદુસ્તાની કવિતામાં)

ઉપલા ગ્રંથો સિવાય હરિકીર્તન તથા મનને ઉપદેશનાં પદો અમારાં રચેલાં ઘણાંછે. આ અમારા પ્રેમશીલ શૃંગાર ઊપરથી ઉપલા ગ્રંથોવિષેની રચનાનું અનુમાન કરવા વિદ્વજ્જનોને વિનંતી કરવામાં આવેછે.

મુંબઇ માહે જુલાઇ શને ૧૮૭૫

સાધુ. પ્રેમદાસ રામાચાર્ય

જામનગરના.

રાજ્યમાન રાજેશ્રી ભાઈશંકર નાનાભાઈ

વિદ્વજનોને તમો તન મન ધનથી નિરંતર આશ્રય

આપોછો. ગુજરાતી ભાષામાં નવાં

નવાં રસીક પુસ્તકો પ્રસિદ્ધ

થતાં જોઈ સાનંદાશ્ચર્ય

પામોછો. સુજ્ઞ

અને વિવેકી સદ્ગૃહસ્થછો.

માટે આ અમારા લઘુ ગ્રંથ સાથે તમારૂં

રૂડુ નામ જોડવામાં અમે શોભા સમજીએ છિએ.

પ્રેમદાસ રામાચાર્ય.

સતી સ્ત્રીઓને ઉપદેશ.

દોહરો.

સતી સુપુત્ર સુશિષ્યના, કહું સુલક્ષણ ગાઈ;
સુમતિ લહે કુમતી દહે, કહે સુણે ચિત લાવિ. ૧

અવિનાશી આવોરે, જમવા કુંવણહરી "એરાગ"
શુભ શીખ કહું છું રે, સુણ સજની મારી;
સતિ નારિ ધર્મનારે, ગુણ કહું વિસ્તારી. ૧
કહ્યું શ્રી નારાયણરે, નારદ મન ધાર્યું;
ગ્રહ્યું દેવ મુનિ જનરે, સૌનું હિત સાર્યું. ૨
સુણિ નારદ લેજોરે, ઉરમાંહે ધારી;
સૌને ઉધ્ધારેરે, સત્ત ધર્મ નારી. ૩
કોઈ કૃપણ દરિદ્રીરે, અંધ બધિર કાણો;
હોય રોગી ક્રોધીરે, પ્રાણજીવન જાણો. ૪
હોય કપટી કાયરરે, લંપટ વૃદ્ધ અતી;
વિકરાળ કુભોગિરે, તોએ પ્રાણપતી. ૫

સહુ દેવ સ્વરૂપેરે, પૂજે પ્રીત કરી;
તે સતી શિરોમણિરે, સાધવિ નારિ ખરી. ૬
સસરા ગુરૂ સાસૂરે, જેઠ પતીદેવા;
સહુનૂં હિત વાંચ્છેરે, કરે સહુની સેવા. ૭
સહુની આજ્ઞાથીરે, સ્વાર્થ પરાર્થ કરે;
પૂછ્યાવિન કારજરે, કોઈ ન ચિત્ત ધરે. ૮
બાળા તરૂણાતારે, વૃદ્ધા નારિ સદા;
કો કાજ અકારજરે, કરે ન સ્વતંત્ર કદા. ૯
ગુરૂ સાસુ સસરારે, નણદી સુત બહુથી;
ફૂઇજી માસીજીરે, હેત કરે સહુથી. ૧૦
કુળમાન તજીનેરે, તન અહંકાર તજે;
મન ક્રોપ વિસારીરે, પતી કરિ પ્રીતિ ભજે. ૧૧
મન કર્મ વચનથીરે, પતી તન પ્રીતિ સજે;
પતિ દોષ ઉચારેરે, તેનો સંગ તજે. ૧૨
પતિ ખાય તે ખાએરે, પતિને પાઈ પીવે;
પતિ દરદ દુખાએરે, પતી સુખથી જીવે. ૧૩
પોઢાડી સૂવેરે, પતિ પ્હેલી જાગે;
પતિ સેવ સજીનેરે, હર્ષિત રહે આગે. ૧૪
દુખ હોય તે મનમાંરે, ગુપ્ત કરી રાખે;
પૂછે તે વાતોરે, સત્ય સદા ભાખે. ૧૫

બાહેરથી આવેરે, પતિ ઘરમાં જ્યારે;
શત કામ વિસારીરે, ઉઠી સેવે ત્યારે. ૧૬
પતિ જે નહિ ભોગેરે, તે સુખને ત્યાગે;
પતિનૂં પ્રિય નિશદિનરે, ઇશ્વરથી માગે. ૧૭
અટકાવ ત્રિદિનનારે, જતન કરી પાળે;
ચોથે દિન પતિનુંરે, મૂખ સુરજ ભાળે. ૧૮
અપરાધ બણ્તોરે, પતિ આગળ ભાખે;
પતિ વચન કઠણનેરે, અમૃત કરિ ચાખે. ૧૯
પતિ દંડ કરે તેરે, હેત કરી માને;
કરિ વિનતી વંદનરે, ક્રોધ કલહ ભાને. ૨૦
પતિ દંડ મળેતોરે, કુકર્મ દોષ મટે;
જમદંડ ટળેછેરે, તનના તાપ વટે. ૨૧
પતિ દંડ વિનાનીરે, જગમાં જે નારી;
મ્હા પાપ ભરેલીરે, સહે જમ દુખ ભારી. ૨૨
વાણી મન કર્મેરે, જે કોઈ કાજ બને;
સાચે સાચૂં તેરે, પતિની પાસ ભણે. ૨૩
પતિ દંડ કરે તેરે, ઇશ કૃપા જાણે;
પતિ માફ કરેતોરે, જમભય ઉર આણે. ૨૪
સતી નારી પતિનેરે, પરમેશ્વર લેખે;
પતિવિન કોઈ જગમાંરે, પુરૂષ નહીં દેખે. ૨૫

સાચી પ્રીતીથીરે. સેવે ચરણ પતી;
પ્રેમદાસ વખાણેરે, ધન ધન નારિ સતી. ૨૬

व्रतचर्या तपो वाऽपि । स्नान मंत्रोषधानि वा ॥
विद्या विर्य मूल वियं । जप होमागदास्तथा ॥१॥
साधनानीच सर्वानी । पुरुषस्य विजुरस्यवा ॥
सतीनाम् नैव सिध्यंति । पति सेवैव सिध्धिदा ॥२॥
क्षेत्राद् वनाद् ग्रामाद् वा । भर्तारं ग्रहमागतं ॥
अभ्युत्थायाभिनंदेत । आसनेनोदके न च ॥३॥

ગરબી ૨ ૭.

કારતગમાસે કાન ગયા મને મેલીરે એરાગ.

કહું પતિવ્રતાના ધર્મ, સુણજો સજનીરે;
સત સુરજ ટાળે કર્મ, અવિદ્યા રજનીરે. ૧
ઋષિ અત્રીને ઘરનાર, અનુસુઆજીરે;
કહ્યો નારિ ધર્મ વિચાર, સુણ્યો સીતાજીરે. ૨
ઉત્તમ મધ્યમ મંદ, ત્રિવિધ નારીરે;
તે સમજ્યે નાશે દંદ, મટે ભય ભારીરે. ૩
સતિ ઉત્તમને પતિ એક, હિતકરિ માણેરે;
બીજા જગ જીવ અનેક, નપુશક જાણેરે. ૪

સતિ મધ્યમ પરપતિ દેખ, મને નહિ ભાવેરે;
સુત બાપ સહોદર લેખ, કુબુદ્ધિ ન લાવેરે. ૫
સતિમંદ વિચારે લાજ, રહે પરવશથીરે;
પાળે સતધર્મ સમાજ, કુળના જશથીરે. ૬
સતી નીચ કહી જગ સોય, નૃપની નારીરે;
પરપુરૂષ સંજોગ ન હોય, રહે મન મારીરે. ૭
પતિ સેવા જપજશજોગ, તપસ્યા જાણેરે;
પતિ દેવ સ્વર્ગના ભોગ, સહી કરિ માણેરે. ૮
પતિ વિના ન સાધન કોય, સતી નારીનેરે;
ભવ તરે સહિત કુળ સોય, પતી તારીનેરે. ૯
પતિ ચર્ણોદક પાન, ગંગા ગાવેરે;
કરિ હરિ હર અજનું ધ્યાન, પતિમાં ધ્યાવેરે. ૧૦
વિન પતિ આજ્ઞા વ્રત નેમ, કરે જે કુનારીરે;
તે કદી ન પામે ક્ષેમ, પડે દુખ ભારીરે. ૧૧
પતિ આજ્ઞા સેવા સાર, સહુ સાધનનોરે;
પતિ સેવા લાભ અપાર, સરસ સુખ ધનનોરે. ૧૨
જો જાય પતી પરદેશ, સાધન કરવારે;
તો તજિ દે સુંદરવેશ, ભૂષણ ધરવારે. ૧૩
ગ્રહે તેલ ફુલેલ ન અંગ, સુરમો સારેરે;
નહિ સેંથો વેણિ સુરંગ, વસન ન ધારે રે. ૧૪

ધરિ મધ્યમ વસ્ત્ર અહુાર, રાખે અંગેરે;
ના વૈભવ દેખિ અપાર, રાચે રંગેરે. ૧૫
સમરે ગુરૂ ગૌરિ ગણેશ, સદાશિવ સેવેરે;
શ્રીપતિ પુજ્યદિનેશ, પતી કૃળ દેવરે. ૧૬
પતિ તન ગુણ સમરે ધ્યાય, રહેજે રાચીરે;
જન પ્રેમદાસ ગુણગાય, નારી સાચીરે. ૧૭

भर्तुश्चाप्रियहितं यत्नत् । सततं सानुऽवर्तते ॥
देवताऽतिथि भृत्यानाम् । श्वश्रुश्वसुरयोस्तथा ॥१॥

ગરબી ૩ જી.

મારે ઘેર આવજોરે માવા એ ઢાળ

સુણજો સજ્જનોરે મારી, કહું છું નારી ધરમ વિસ્તારી;
પતિને સહુ સુખરે દીજે, પોતે લાભ ધરમનો લીજે. ૧
પતિથી સેવારે જાચે, રૂડે રંગ ગુણે ના રાચે;
કરે તન મનને રેવાણી, પતિનો અર્થ રૂદેમાં આણી. ૨
પતિ તનમય થઈરે વરતે, છાયારૂપ રહીને નિરતે;
આપણો સ્વાર્થ રે ખોવે, પતિના સ્વાર્થમાં મન પ્રોવે. ૩
પતિ કહે મરતોરે મરીએ, પતિ કહે રાત દિવસ ત્યમકરીએ;
તનસુખ ત્યાગીરે રહિએ, પતિસેવા સાથે મન ગ્રહિએ. ૪

ખોટા સુખને રે સાથે, જમનો માર સહે બહુ માથે;
પતિનું પળ સુખરે ધ્યાવે, તેતો સર્વ દેહમાં આવે. ૫
ધર્મ દુર્લભછે રે દેહને, પામે હરિકૃપા હોય જેહને;
ક્ષણ સુખ સારૂંરે ખોવે, દુર્લભ મનુષ્યા જનમ વગોવે. ૬
તે મંદ ભાગ્યણિરે નારી, તેહને દુઃખ પડેછે ભારી;
માટે સમજીરે ચાલે, તેતો સ્વર્ગ મુક્ત પદ મ્હાલે. ૭
નર બહુ કર્તવ્યરે ગાયો, ત્રિયાને મારગ એક બતાવ્યો;
પતિવ્રત્ત ધર્મજરે તારે, ત્રિયાના કોટિક કર્મ નિવારે. ૮
જુગોજુગ સતિઓરે ગાઈ, તેને વંદે જગત સદાઈ;
ચારે જુગમાંરે સુધરી, તે સહુ પતિ સેવાથી ઉધરી. ૯
વ્યાસ વસિષ્ટરે ગાયા, નારી ધર્મ સહુ મનભાવ્યા;
ત્યારે જનનેરે જેહ, ગાવે પ્રેમદાસ ગુણ તેહ. ૧૦

दैवतंच पतिमेन्ये । भर्ता चित्ताऽनु सारिणी ॥
कर्मणा मनसा वाचा नाऽन्य चित्ताभिगात् पति ॥१
तं सर्व भावोऽपगता पति शुश्रुषणे रता ॥
साद्धाचारा शुचिर्दक्षा कुटुंबस्यै हितैषिणी ॥२॥

ગરબી ૪.

કહું પતિવ્રતા ગુણસારરે, સુણ સખી સત્યવંતી;
કરો પતિસંગ પ્યારરે, થઈ આરતવંતી. ૧

બંધવ સજજન બાપરે, ક્ષણ સુખને આપે;
પતિ સેવા પરતાપરે, શ્રીપતિ સ્થિર થાપે. ૨
રંક નારી જે હોયરે, નરપતિને ધ્યાયે;
વ્યભિચારણી કહે સોયરે, નરકોમાં જાએ. ૩
કુળ થિર રાખે નારરે, કુળ સમુળ ઉડાડે;
કરે ભવસાગર પારરે, ભવ માંહિ બુડાડે. ૪
ગર્ભ સહિત હોય નારરે, શુભ સંયમ પાળે;
અલંકાર શુભ ધારેરે, પતિનું મુખ ભાળે. ૫
હરખે રાચે રંગરે, ઉદ્વેગ ન આણે;
કરે સતોગુણી સંગરે, હરિ ચરિત્ર વખાણે. ૬
પૂજા કુળ ગુરૂ દેવરે, કરિ વાસ્તુપૂજા;
કરે પતિની સેવરે, પૂજે હર ગોરિજા ૭
કલહવંતીથી ભાગેરે, સતસંગમાં જાવે;
વ્યભિચારણી સંગ ત્યાગેરે, નિત ધર્મ કરાવે. ૮
રૂપ ભયંકર ઘોરરે, નજરે ન નિહાળે;
કલહ કુશબ્દ કઠોરરે, શ્રવણે નહિ ધારે. ૯
ઉષ્ણ કઠોર આહારરે, અજિરણ રૂજકારી;
ખાટો કષાયો ખારરે, તીખો હોય ભારી. ૧૦
જુઠું પરનું અન્નરે, ગર્ભવંતી ત્યાગે;
હરે પતિનું મંનરે, પતિને પ્રિય લાગે. ૧૧

સદ્ગુણહીણ વિવાદરે, નિંદા નવ કરીએ;
સૌને આશીરવાદરે, ભવ દુખથી તરિએ. ૧૨
સોકય કુલક્ષણિ નારરે, વિખવાદ ન કીજે;
ઈર્ષાદ્વેષ વિસારિરે, સૌના ગુણ લીજે. ૧૩
બંધુ સહોદર સાથરે, પતિને પુછી જાયે;
દધિ અક્ષત ગ્રહિ હાથરે, મુખ મંગળ ગાયે. ૧૪
પતિનું જુઠું ખાયરે, રસભરિઆ મેવા;
તેને સુંદર સુત થાયરે, દેવાંશી તેવા. ૧૫
કુળ ઉદ્ધારક હોયરે, કુળવંતી નારી;
પ્રેમદાસ કહે સોયરે, સતવંતી સારી. ૧૬

न कामये भर्तृविना कृता सुखं ॥
न कामये भर्तृविना कृता दिवं ॥
न कामये भर्तृविना कृता श्रियं ॥
न भर्तृहीना विवशा मिजीवितुम ॥१॥

ગરબી ૫.

સુણો ગુણ નારીતણા સજની;
ધરો ચિત્ત માંય દિવસ રજની, સુણો ગુણ નારી. ટેક;
મહા શુધ્ધ હોય સતી નારી, તરે જગ બહુ જનને તારી.
તેના ગુણ ગાય જગત સારી; સુણો ગુણ. ૧

સતીનૂં નામ રંટે જ્યારે, અમંગળ દોષ મટે ત્યારે;
જતિ સતી સાધુ સદા તારે; સુણો ગુણ. ૨
પાપી હોય સતીતણો સ્વામી, કદિ ન તે થાય નરકગામી;
તરે લોહ નૌકાને પામી; સુણો ગુણ. ૩
કદા પતિ મૃત્યુક થઈ જાએ, પતિ સગલેઇ સ્વર્ગ ધાએ;
સતી નારિ વિધવા ન કેહેવાએ, સુણો ગુણ. ૪
કરમ સંજોગ રહે વિધવા, કરે કર્મ સત્ય ધર્મ વધવા;
કરે શુભ પરલોકને સધવા, સુણો ગુણ. ૫
રાખે શીર મુંડન રીતિ તદા, કરે એકટંક આહાર સદા;
સજ્યામાંહે શયન કરે ન કદા; સુણો ગુણ. ૬
તજે અંગ ભોગ સદા મનથી, કરે નહી નેહ કદા તનથી,
રહે વિતરાગ સહુ જનથી; સુણો ગુણ. ૭
તરપણ નિત્ય કરે હિતથી, વિસારે ન રામ કદા ચિતથી;
કરે પરમારથ શ્રદ્ધ વિતથી; સુણો ગુણ. ૮
શ્રીપતિરૂપ સદા ધ્યાય, મુખે નિત્ય હરિ કીર્તિ ગાય;
હરિ જન સતસંગમાં જાય; સુણો ગુણ. ૯
વિરતિ વિજ્ઞાન અભ્યાસ કરે, ભક્તિ કેરૂં તત્વ રૂદેમાં ધરે;
અંતે હરિ સમરણ કરતી મરે; સુણો ગુણ. ૧૦
જેણે તજી જગ કરણી કાચી, સદા રહે હરિ રંગે રાચી;
તેની ભક્તિ સૌ કરતાં સાચી; સુણો ગુણ. ૧૧

જેવીગોપીવિરહનાતાપેતપી,રહીનિત્યકૃષ્ણહિકૃષ્ણજપી
તેતો સહુ કૃષ્ણની માંય ખપી; સુણો ગુણ. ૧૨
તેની કીર્તિ સૌ જનને ભાવે, જેથિ હરિ ભક્તિ હૃદય આવે;
તેના ગુણ પ્રેમદાસ ગાવે; સુણો ગુણ. ૧૩

व्रतोपवास निरता । या नारी परमोत्तमा ॥
भर्तारं नानुवर्तेत । ता च पाप गतीर्भवेन् ॥
भर्तु शुश्रुषया नारी । लभते स्वर्गमुत्तमं ॥
अपीया निर्नमस्कारा । निवर्त्ता देव पूजनात् ॥
शुश्रुषामेव कुर्वीत भर्तृप्रिये हिनेरता ॥
येष धर्म स्त्रिया नित्यो वेदे लोके श्रुत:स्मृत: ॥

દોહરો.

સતી નારિ સત શિષ્યના, લક્ષણ સિંધુ અપાર;
પ્રેમદાસ જન વરણિયા, અલ્પ બુધ્ધિ અનુસાર ૧

પતિવ્રતા ધર્મ સંપૂર્ણ.

લાવણી છંદ.

સુણજોભક્તિકહુંવખાણી, ભક્તીભગવતનીમ્હારાણીટેક.
માયા નટડી નાચ કરેતે, બહુ પ્રકાર રહે શોભીરે;

તેના મોહ્યા તેને દેખે, તેમાંહિ રહે લોભી.

સુણજો. ૧

ભકિત પ્રભાવ ભગવતી જાણે, તે નહિ માયા દેખેરે;
માયા મોહ કરે નહિં તેને, જે મ્હારાણી લેખે.

સુણજો. ૨

આદિ ભકિત નવધા કરિ કેયે, પ્રેમભકિત મધ્ય ગાવેરે;
પરા ભકિત તે અંત પિછાણો, પરબ્રહ્મમાંય સમાવે.

સુણજો. ૩

શ્રવણભકિત પરિક્ષત આદી, બહુ ભકતજન તાર્યારે;
સ્મરણ ભકિત કરી પ્રલ્હાદે, અનંત કોટિ ઉધાર્યા.

સુણજો. ૪

કીર્તન ભકિત કરી શુક નારદ, અમરિષ અર્ચન કીધીરે;
લક્ષ્મીજી સહુ સૂખ તજીને, પદસેવા ગ્રહી લીધી.

સુણજો. ૫

વંદન કરિ અક્રુર આદિજન, ઘણા હરીમાં મળિઆરે;
દાસ ભકિત ઉધ્ધવ મારૂતસુત, કરી હરીમાં ભળિયા.

સુણજો. ૬

સખાભકિત કરિ અર્જુન આદિ,બળી નિવેદન ગાઇરે;
પ્રેમલક્ષણા ગોપીજનની, ઘણા સુજન ઉરભાવીરે.

સુણજો. ૭

લોકવેદ મત વિરૂદ્ધ કામ કરિ, રહી હરીમાં જામીરૂ;
પ્રેમલક્ષણા ભક્તિ પ્રતાપે, પ્રેમદાસ પ્રભુ પામી;
સુણજો. ૮

अथ प्रेमशृंगार पदबंध प्रारंभ.

દોહરો.

હરિ ગુરૂ સજ્જન વંદિ પદ, કહું પ્રેમશૃંગાર;
મચ્છરબળ અનુમાન જ્યમ, કરે ગગન સંચાર. ૧

કુંડળિયા;

રાણી રાધાએ દિધું, કૃપા કરી નિજજ્ઞાન;
તેણે કરિ મુજને થયું, પ્રેમભક્તિનું ભાન;
પ્રેમભક્તિનું ભાન, લેશ મમ ઉરમાં પરશ્યું;
વૈખરિ દ્વારા આવિ, કીરતન થઇને વરશ્યું;
સંત ચરણ રજ પ્રેમ, દાસ મુખ પ્રગટી વાણી;
પ્રેમીજન શૃંગાર, કહ્યો શ્રી રાધરાણી. ૧

દોહરા.

દોહા કીર્તન કરિ રહ્યો, પ્રેમીજન શૃંગાર;
સખી દાસના ભાવનો, અર્થ કર્યો વિસ્તાર. ૧

જેમાં જેની પ્રીતછે, જેને જેની આશ;
લોક વેદ ભાખે સહૂ, તેમાં તેનો વાસ. ૨
તે કારણ હરિજન કરે, હરિમાં આશા પ્રીત;
સ્નેહાતુર થઇ ધ્યાવજો, રાધારાણી રીત. ૩
સખી ભાવની ભકિત કરિ, સમરૂં હરિ જદુનાથ;
દાસભાવની ભકિત કરિ, ભજૂં રામ રઘુનાથ. ૪

પદ સાખેડીનાં.

ગોપિ વિરહનાં તથા પ્રેમ લક્ષણાનાં.
દ્વારકાનાવાસીરે, અવસરે આવજોરે ગોપાળ.

અમને મારીનેરે, મથુરાં સીધાવજોરે;
માનો મારી વિનતિ લાગૂં પાય;
વિજોગના દુખથીરે, મરવૂં છે ભલૂંરે;
તેનો પ્રભુ માન જો સાચૂં પ્રાય; અમને. ૧
ઝેર કટારીરે, કર ધરી મારજોરે;
જેથી મને વિરહનો તાપ ન થાય;
તેનો પ્રભુ તમનેરે, દોષ ન લાગશેરે;
સૂતક કાઢો જમનાં નહાય; અમને. ૨
તમવિના અમનેરે; મહા પરિતાપ છેરે;
પતિ પુત્ર સગાં જમનાં દૂત;

કુબળી દાસીનીરે, સુણો પ્રભુ વીનતીરે;
આત પિતા ભાઇ પરિજન ભૂત; અમને. ૩
સુખ સર્વે દુઃખરે, ભોગ મહા રોગ છેરે;
સંપતિ છે વિપતી ભૂષણ ભાર,
જગતમાં કોઇરે, સજ્જન છે નથીરે;
તમકાજે શત્રુ કર્યો સંસાર, અમને. ૪
સિંહને ખવાડોરે, અગ્નિમાં જળાવજોરે;
વિષ દેઇ મારો પ્રભુજી કરાર;
નાગથી ડસાવોરે, સર્વ દુખ આપજોરે;
વિજોગનું દુઃખ ન દેશો લગાર; અમને. ૫
એટલી અરજરે, જો નહીં માનશોરે;
ત્યારે મારા કઠણ કરમનો દોષ;
તમ વિના જગમાંરે, કોઈ ન રૂડી શકેરે;
કોને કહું કરૂં કોનાપર રોષ; અમને. ૬
પ્રભુજી ઉપરરે, જોર નહીં કોઇનુંરે;
અબળા હું અરજ કરૂં છું રોય;
પ્રાણછે અભાગિરે, તન નથી ત્યાગતારે;
પ્રેમદાસ પ્રભુ વિના કયમ હોય; અમને. ૭

દોહરો.

હરિ જાતાં સરવે ગયાં, તન મનમાં સુખ સાથ;
ઘર વનમાં શાન્તી નહીં, ભમું હું ઘસતી હાથ.

ધુની.

કેશિ મથન કેશવ કમળાપતિ કૃષ્ણ કૃપાનિધિ અરજસુણો.

પદ બીજું રાગ ઉપરપ્રમાણે.

કુબજાને સંદેસો.

વારૂ વારૂ કહુંછુંરે. બેનિ સુણજે સહીરે;
પ્રભુજીની ઘણી કરજે સંભાળ;
નહિં તો એ તુનેરે, મૂકશે વિલખતીરે;
જેવો મેલ્યો વિલખતો પરિવાર. વારે વારે ૧
પુરૂષની પ્રીતિરે, હોય છે ઘડીકનીરે;
જેવો પડિયો ખાઇને નાખે દૂર;
ફૂલને ભમરોરે, તજી ફરી નવ જુવેરે;
પીતળ પ્રીતી જળનું પૂર. વારે વારે. ૨
અમો થઇ ટોળેરે, પ્રભુ પાસે ગયાંરે;
પ્રભુજીએ કર્યો વૃંદાવન રાસ;
તેણે સમે અમમાંરે, હરિ અંતર થયારે;
સર્વે થયાં રોઈ રોઈ નીરાશ; વારે વારે. ૩

કાલિંદ્રિમાં પાઇરે, ગૌ કરી ગાભરીરે;
        રાતો મેલ્યો સગાં કુટંબનો સાથ;
કુદી પડ્યા તેમાંરે, ગારૂડી વિદ્યા કરીરે;
        નાગશીશ નાચીને ઘાલી નાથ; વારે વારે. ૪
એવી ઘણી લીલારે, ગાઈ શકતી નથીરે;
        સંભારતાં તનમાં લાગેછે આગ;
ઇંદ્રજાળ સ્વપ્નારે, જેવી કીધી શ્રી હરીરે,
        અમારા છે મંદ કરમના દાગ. વારે વારે. ૫
સાધુને સન્યાશીરે, ભક્ત વલ્લભ ઘણારે,
        લઈ જાતાં કાંય ન લાગશે વાર;
બળ થકી પ્રભુરે, હાથ આવે નહીરે,
        શ્રીહરી અબળાનો આધાર. વારે વારે. ૬
સગપણ સરખુંરે, માની લેજે બેનડીરે,
        તજી સુખ માન મદ અહંકાર;
પ્રેમદાસ પ્રભુરે, ભજી ભવજળ તરોરે,
        મળ્યો તને ચિંતામણી ભરથાર. વારે વારે. ૭

દોહરો.

હરી સર્વ સુખ લઇગિયા, કરિ પોતાને હાથ;
જાણિ એકલી દઇગિયા, સહુ દુખકેરો સાથ. ૧

ધુની.

કુબ્જા કંથ કૃપાનિધિ કેશવ, કૃષ્ણ કંસહર શુધ લેજો.

પદ ૩ જુ રાગ ઉપરપ્રમાણે.

ઉદ્ધવ પ્રભુજીરે, કરી તે હું શી કહું રે?
કહ્યાથી તો ઈર્ષા દ્વેશ ગણાય;
તોય ન સ્હેવાએરે, કે'વાયછે શું કરૂંરે,
વ્યાકૂળ થઈ છું વિરહની લાય. ઉધ્ધવ. ૧
એવા બુદ્ધિવંતરે, ન્હોતા જાણ્યા શ્યામનેરે,
દાસી સંગ થયા બહુ ગુણવાન;
વજ્રથી કઠોરરે, કયમ થયા શ્રી હરીરે,?
કે'વાય છે દીનબંધુ ભગવાન. ઉદ્ધવ. ૨
અમને અંદેશોરે, થાયછે આ વાતનોરે,
જો કહ્યો છે આતમજ્ઞાન વિચાર;
તમે તો વિચારોરે, ચિત્ત દેઈ બંધવારે;
તમને તો છે નહિં અંગ વિકાર; ઉદ્ધવ. ૩
જોગ ને તપસ્યારે, બને વિધવા થકીરે;
જેને નહીં આશા તૃષ્ણા કામ;
મુજથી ન થાયેરે, જપ તપ ધારણારે;
સ્નેહ તાપે તપૂંછુંરે વન ગ્રામ. ઉદ્ધવ. ૪

તમો કહો વીરારે, કહીં દીઠું સાંભળ્યુરે,
મુજને તો થાયછે હાંસી હાણ;
પતિને મેલીનેરે, તપ કરે કામનીરે;
તેની કોઈ રીતિ કહોને સુજાણ; ઉધ્ધવ. ૫
કોઈ કાળે એવુંરે, કહે નહી શ્રીહરીરે;
એ છે સર્વે કુબજા કેરાં કામ;
જેણે તન મનરે, સહુ મારાં હર્યાંરે;
મોહ્યા મારા પ્રાણજીવન ઘનશ્યામ; ઉદ્ધવ. ૬
કુબડાંને કાણાંરે, હોય છે કુલક્ષણાંરે;
તેમાં ત્રિયા દાસીથી શું નહિ થાય;
તેનો નથી ધોખોરે, ધોખો મારા નાથનોરે;
પ્રેમદાસ પ્રભુ તેવા કયમ થાય? ઉધ્ધવ. ૭

દોહરો.

પ્રેમ વિરહના તાપમાં, બાળી અમને શ્યામ;
સંદેશો ઉધ્ધવ કહ્યો, દાઝયા ઊપર ડામ. ૧

ધુની.

મોરારિ માધવ મુકુંદ મોહન મોરલીધર હરિ સાહ્ય કરો.

પદ ૪થું રાગ ઉપર પ્રમાણે

ઉદ્ધવ સંદેશોરે, કેજો મારા નાથનેરે;
સારૂં કર્યું જોગ કહ્યો શ્રીકાર;
તેની તો સામગ્રીરે, મળી નહી વ્રજમાંરે;
મળશે તો રિઝશો નહી આધાર, ઉધ્ધવ. ૧

મૃગછાળા મેલોરે, કુબજાના ચર્મનીરે;
શેલી મેલો કુબજા કેરા કેશ;
ઉદરની ઝોળીરે, કરી પ્રભુ મોકલોરે,
રતન ગોળા વિભૂતિ કરવા વેશ; ઉધ્ધવ. ૨

નેત્રની રૂદ્રાક્ષરે, કરી પ્રભુ મોકલોરે;
બીજા સર્વે અંગનો સાજ બનાઈ;
મસ્તક તંબુરોરે, કરી પ્રભુ મોકલોરે;
જોગી તમને રીઝવું ગુણ ગાઈ; ઉદ્ધવ. ૩

પગની ઘડાવીરે, પાવડી મોકલોરે;
જેણું થીર બેશી ધ્યાન ધરાય;
બીજું તમને ભાસેરે, તેવું તમે મોકલોરે,
જેણે તમે રીઝો જાદવરાય; ઉદ્ધવ. ૪

રગત ગેરૂમાંરે, ભગવાં બનાવજોરે;
તેની કરી કફની મોકલો સિવાઈ;

કહ્યુ મારૂં કરજોરે, પ્રભુજી કરાવજોરે;
વિનતી હું કહુંછું લાગી પાય; ઉધ્ધવ. ૫
એવી જો સામગ્રિરે, મોકલશો નાથજીરે;
ત્યારે તો હું કરિશ નિશ્ચય જોગ;
તે મારી પ્રતિજ્ઞારે, સત્ય કરી માનજોરે;
તમે પ્રભુ સુખે કરો રસભોગ. ઉધ્ધવ. ૬
તમો એ સામગ્રિરે, ઉધ્ધવજી લાવજોરે;
કરી ઘણી વિનતી વારંવાર;
પ્રેમદાસ પ્રભુરે, જેણે ઘણું રીઝશેરે;
ઉઘડયાછે મારા ભાગ્ય ભંડાર; ઉદ્ધવ. ૭

દોહરો.

ઓધ્ધવ દાડા દોહ્યલા, કયમ કરિ કાઢું તાત;
નિર્ગુણકેરા નેહ માં, થયો ઘણો ઉતપાત. ૧

ધુની.

કેશિમથન કેશવ કંસારી, વ્રજ વલ્લભ હરિ અરજ સુણો.

પદ ૫ મું રાગ સોહની અથવા સોરઠી.

જી સુદ્ધ લેજો શામ મોરારી, વિરહ તાપ થયો છે ભારી;
જી શુદ્ધ ટેક.

હાય દૈવ શા કારણ કીધો, એ ગરજુનો સંગ;
દીપકને તો મન નહિ આવે, પ્રજળી મરે પતંગ;
જી શુદ્ધ. ૧
ફુલ કળી બહુ કઠણ હોય પણ, હીરો ના વિંધાય;
શુ કરશો પ્રભુ કીડિ ઉપર, ભારી કટક ચઢાય;
જી શુદ્ધ. ૨
જો પ્રભુજી મેં જાણી હોતી, ક્ષણ સુખની છે પ્રીતી;
તો હું પ્રથમથી શાને કરતી, આ મનની પરતીતી;
જી શુદ્ધ. ૩
અવ તો મારૂં મન નહિ સમજે, થયુ લલચાઈ ભુરાયું;
વિતરાગોનો બોધ કરીને, બહુ પ્રકાર સમજાવ્યું;
જી સુદ્ધ. ૪
સમજી છું હું મારા મનમાં, આશા દુખનું મૂળ;
તોય તજાતિ ન પૂરી થાતી, તે પીડેછે શૂળ;
જી શુદ્ધ. ૫
શું હું કરૂં ને કયાં હું જાઊં? કોને સુણાવું ગાઈ?
દરિયા માંહી દાહ થયો છે, કોણ બુજાવે ધાઈ?
જી શુદ્ધ. ૬
પ્રાણદાન જદુનંદન દેજો, વ્રેહનો તાપ બુઝાઈ;
પ્રેમદાસ પ્રભુ ત્હારી થઈ છું, ઉઠી દશોદિશ લ્હાઈ;
જી શુદ્ધ. ૭

દોહરા.

હરિ વિજોગ વ્યાકુળ ભમુ, બોલું આળ પંપાળ;
ધન ધીરજ બુદ્ધિ ગઈ, દાઝું વિરહની જવાળ. ૧

ધુની.

કૃષ્ણ ચંદ્રહરિ કુંજ બિહારી, સાહ્ય કરો ગોવર્ધનધારી.

૧૬ છઠું રાગ ઉપર પ્રમાણે.

જી વ્રજરાજ શામ ઘેર આવો,વ્રેહ અગ્ની તાપ બુઝાવો.
જી વ્રજરાજ. ટેક

ધર્મ ત્રિયાનો એવો પ્રભુજી, સ્વામિ વચન શિર લીજે;
હું વ્રેહ વ્યાકુળ નથિ કરિ શકતી, તે અપરાધ ખમીજે.
જી વ્રજરાજ. ૧

ધીરજથી પ્રભુ ધર્મ બનેછે, ઉજ્વળ મનથી જ્ઞાન;
થીર બુધ્ધિથી જોગ બનેછે, નિર્વાસનીથી ધ્યાન.
જી વ્રજરાજ. ૨

સમર્થ જનથી તપ બનેછે, દાન કરે ધનવાન;
હું અબળા કયમ કરી રિઝાવું,જપ તપ હોય ન ધ્યાન.
જી વ્રજરાજ. ૩

વ્યાપક બ્રહ્મ અરૂપ અનામી, તે કયમ કરિ હું ધ્યાઊં?
નેતિ નેતિ જેને વેદ કહેછે. કામનિ કયમ હું પાઊં?
જી વ્રજરાજ. ૪

નિરાધાર અસામર્થ નિર્બળ. પ્રભુ આશરો નહિં મારો:
શોકસિંધુમાં બુડૂં પ્રભુજી, કૃપાકરીને તારો.
જી વ્રજરાજ. ૫

સર્વ દિશાથી સર્વે અંગો. સર્વ પ્રકારે હારી;
કેવળ આશ કરૂં પ્રભુ કેરી, શુધ્ધ લેજો ગિરધારી.
જી વ્રજરાજ. ૬

આરત સ્વારથ દુઃખી દીનથી. હોય ન ધર્મ પ્રમાણ;
પ્રેમદાસ પ્રભુ દીન બંધુ હરિ, અરજ સુણો ભગવાન.
જી વ્રજરાજ. ૭

દોહરો.

ભલો વિજોગ સમીપથી, જો હોય મળવા આશ;
સંજોગ ન તેથી ભલો, જ્યાં વિજોગનો ત્રાસ. ૧

ધુની.

સજ્જન સુખદ મુકુંદ ગદાધર, ગોવિંદ નિજ ગુણ ધારો.

પદ ૭ મું જું, રાગ ઉપર પ્રમાણે.

પરમ સનેહીરે, દુર્ઘટ કીધી, જો પ્રભુજી આ કરણી હતી તો
પ્રીતી શાને દીધી, પરમ સનેહીરે આશી કીધી; ટેક.
મારા જેવી મંદભાગ્યણી, જગમાં કોઈ ન જાણી;
મારા કરતાં મચ્છી સારી, મરિ જાયછે વિનપાણી;
પરમ સનેહી. ૧
હોય દૈવ કોઈ ના જાણે, કોને કહું દુઃખ રોય;
ઘાયલનું દુઃખ કોય ન જાણે, જાણે જે ઘાયલ હોય;
પરમ સનેહી. ૨
પ્રેમ પટારીમાં પૂરી ઊપર, તાળાં દીધાં ભારી;
વરતજ વાઢી પ્રભુજીએ મને, ઊંડે કૂપ ઊતારી;
પરમ સનેહી. ૩
કઠણ નશીબે પ્રભુજી પતળ્યા, કરૂં કોનાપર રોષ;
નાણું આપણું ખોટુ નિપજ્યું, પારખનો શો દોષ?
પરમ સનેહી. ૪
તમ કરતાં તો પારધિ સારો, તરતજ નાખે મારી;
મારીને સંભાળ કરેછે, તે ગુણ ધરો મોરારી;
પરમ સનેહી. ૫
મીન પતંગ ભ્રમર કુંજર મૃગ, તુછ સુખ કાજ નશાવો;

લાજ અવધિ સુખ મૂળ પ્રભુવિના, મારા પ્રાણ જીવાવો!
પરમ સનેહી. ૬
ચાત્રક ચક ચકોરતણી શુદ્ધિ, મેઘ સૂર્ય શશિ લેછે;
પ્રેમદાસ પ્રભુ નિર્દય થઇને, વિહ્રણિને દુઃખ દેછે;
પરમ સનેહી. ૭

દોહરો.

ધરતાં ધીરજ ના રહી, તેથી કરૂં પ્રલાપ;
તન વિજોગથી કઠણછે, હરિ વિજોગ પરિતાપ.

ધુની.

ગોકુળ કમળ રવિ રાધાવર, અધમ ઉધારણ દુઃખ હરો.

પદ ૮ મું રાગ ઉપર પ્રમાણે
સખી પ્રત્યે રાધા કહેછે.

કોઈ મેળાવોરે મોહન માતા, થાઓ પ્રાણજીવનના દાતા;
કોઈ મેળાવો ટેક.
રાત દિવસ વિલાપ કરૂં છું, કોઈ ન ધારે કાને;
હરિવિના મારી કોણ સાંભળે, હાય જીવું છું શાને?
કોઈ મેળાવો. ૧

જેનાથી નેહ ત્યાગ ન થાયે, તે તો દેહ તજેછે;
મારૂં મન પરવશ નહિ માને, દેહને નેહ ભજેછે;
કોઈ મેળાવો. ૨

પંકજ ભ્રમર નાદ માંહિ મૃગ, પતંગ દીપમાં મોહ્યાં;
જેજે નેહ ન ત્યાગી શકયા તે, તે માંહે તન ખોયાં;
કોઇ મેળાવો. ૩

પ્રીતિ કહિયે ચંદ્ર નિશાની, નિશિ તમ ચંદ્ર ઉજારી;
ચંદ્ર નિશાવિન ઝાંખો લાગે, શશિવિન રાત અંધારી;
કોઈ મેળાવો. ૪

પ્રીતી હારલ પંખીની જે, કાષ્ટ ગ્રહ્યું નહિ ત્યાગે;
સાચી પ્રીતી પ્રાણ હરેછે, ખોટી કષ્ટે ભાગે;
કોઇ મેળાવો. ૫

સાચી પ્રીતિ દશરથ કેરી, વિરહદર્દે તન ત્યાગ્યું;
સુમંત નિષાદ ભરતને નેત્રે, રૂધિર વરસવા લાગ્યું.
કોઈ મેળાવો. ૬

ઘણા સુજન પ્રીતે હરિ પામ્યા, તે સુજને નહિ ભાવી;
પ્રેમદાસ પ્રભુ કરૂણા સાગર, દર્દ મટાડો આવી.
કોઈ મેળાવો. ૭

દોહરા.

રૂપ ચાતુરી શાણપણ, સર્વ ગયાં હરિ સાથ;
ક્યમ તનમન સંજમ કરૂં, થયાં વિરહને હાથ. ૧

ધુની.

ગોપી ગોકુળ કુમુદ સુધાકર, કૃષ્ણ ચંદ્રપ્રભુ સાર કરે.

પદ ૯ મું.

અરજી સુણજો પ્રાણ આધાર, અરજી સુણજો.
કરજો દુખસાગરથી પાર— અરજી—ટેક.
જે જન જેને વાસ વસેછે, તે તેહના દુખ માંહિ ધસેછે;
ધસે નહિં તેને લોક હસેછે, મારા છો પ્રિય ભરથાર;
અરજી. ૧
દુધ માંહિ જો પાણી ભરેછે, આપસસરીખું તેને કરેછે;
તેને તાપે ઉભરાઈ ઢળેછે, તે ઉર ધરો મોરાર;
અરજી. ૨
દ્વારામતિ કીધિ રાજધાની, મળી એકથી એક શયાણી;
હસ્તી ચઢયા કીડિ ન પ્રમાણી, દુર્બળ દુખ દાતાર;
અરજી. ૩
સંહરવાને દાનવ દુષ્ટી, સતી સાધવી સીતા કષ્ટી;
તે મારાપર કીધી દ્રષ્ટી, સુણિ ન અરજ લગાર;
અરજી. ૪
શુર્પનખા રાવણની બેની, આશ ન પુરી પ્રભુજી તેની;

નાસા કાન વિના તે કીની, તેવો મારો અવતાર;

અરજી. ૫

શા સગપણે તાડિકા મારી, શીલાનેસિબરીશીસગી ધારી;
વિષ દાતા પુતના સંહારી, મારી કરી ન વા'ર;

અરજી. ૬

ઘણાક પતિતજન અભય કર્યાછે, વ્યાધી ગીધ ગજ

અમર ભર્યાછે;

પ્રેમદાસ પ્રભુનામે તર્યાછે, ઉધર્યા અધમ અપાર;

અરજી. ૭

દોહરો.

ઉચ્છવ નેમ ન હર્ષ પ્રબળ, મતિ વિદ્યા ગુણ જ્ઞાન;
વ્રેહાગ્નીના તાપમાં, સૌનું થયું અભાન.

ધુની.

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ શ્રીહરિ સાહ્ય કરો સાહ્ય કરો.

પદ ૧૦ મું.

મારિ શુધલેજો જાદવરાય, વ્રેહ અગની તાપ બુઝાય;

મારી ટેક.

કઠણ વચનનાં બાણ સહોછો, મારે કાજ કૃપણતા ગ્રહોછો;
કુબજાને દાતાર રહોછો, અધમ ઉધર્યા જાય;
મારી. ૧

કુબડી દુષ્ટ કંસની દાસી, સ્હેજ સંગે જગમાં થાય હાંસી;
તેને કીધી રસની રાશી, વશ વરત્યા છો જાય.
મારી. ૨

દાસીનું તનછે માહા પાપ, વરણહીણ નહિં કુળ માબાપ;
તેને કરી દોરડીનો સાપ, કુબજા કંથ કહાય;
મારી. ૩

મેરૂને માન્યો તૃણ બાળ, તૃણને કર્યો મેરૂ વિશાળ;
અજાપદ માન્યુ કરિ તાલ, રાધાવર નામ ગુમાય.
મારી. ૪

સંભવતી લીધી પ્રભુ શોધ, મીણી કોદરી કરી કમોદ;
તેમાંહી કરિ માની મોદ, ગોપીનાથ લજાય.
મારી. ૫

શોકગ્રહની ગ્રસી ફરૂછું, પેઠે બળતી લવરી કરૂંછું;
પ્રભુ વ્રેહતાપે બળી મરૂછું. બુઝાવો વ્રેહલાય.
મારી. ૬

વિપતિનાં પિડાં નરનારી, વિન વરસ્યે દૈવને દે ગાળી;
પ્રેમદાસ પ્રભુ કરો સંભાળી, શ્યામ મેઘ વરસાય.
મારી. ૭

દોહરો.

કરને તો વાચા નહીં, વાચાને નહિ હાથ;
દિલ અંતરથી જાણજો, મારી દીનાનાથ.

ધુની.

અધમઉધ્ધારણકરૂણાસાગર, કૃષ્ણ કૃપાનિધિદુઃખહરો.

પદ ૧૧ મું રાગ મલ્હાર.

ઋતુ વરસાની આવી, સખીરે ઋતુ વરસાની આવી;
મારા પ્રાણપ્રિતમ નહીં આવ્યા, કોઇ મેળાવો લાવી.
સખીરે ઋતુવર્ષાનીટેક.

પિયુપિયુ મોરલા પોકારે, કોયલ નહીં સુહાય;
ચાત્રકવેણ સુણતાં ચિત્ત વિલખે, સુજે ન કોઇ ઉપાય.
સખીરે ઋતુ. ૧

ગરજે ગગન સુનત તન કંપે, શ્યામ ઘટા ચઢિ આઈ;
અશ્રુપાત નદિ ચઢી ચાલી, પુલક રોમ હરિઆઈ;
સખીરે ઋતુ. ૨

મેઘ મલાર ગાય બહુ ગુણિ જન, સુજને ત્રેહ બઢાઈ;
દાઝયા ઉપર લુણ લગાડે, મરતીને વિષ પાઈ.
સખીરે ઋતુ ૩

તમ તેલસમ વારી વરસે, ઉરગ શ્વાસ સમ વાઈ;
જે જગમાં સુખદાયક વસ્તુ, પ્રભુવિણ થઈ દુખદાઈ;
સખીરે ઋતુ. ૪
કુંદ કળી મોગર ચંપક ગુલ, રાય ચમેલી જાઈ;
કમળ કેતકી મધુક માલતી, કુંવલ સમ ન સુહાઈ;
સખીરે ઋતુ. ૫
કુણ દેવ દેવી સુખ આપે, પ્રભુએ મારિ ગિરાઇ;
પ્રેમદાસ પ્રભુ સ્નેહ વેદના, મુખે કહી ન જાઈ,
સખીરે ઋતુ. ૬

દોહરા.

નરવા ઈચ્છુ જેડ કરી, તોય ન છૂટે તેન.
દરશન આશા શામની, તેમાં અટક્યૂં મન.

ધુની.

ગોપીજન વલ્લભ સુખકારી, શ્રીપતિ શ્યામ ભરોંસો ભારી.

પદ ૧૨ મું.

જળ વરસોને આઈ, શ્યામ ઘન જળ વરસોને આઈ ટેક.
સરવર સુકયાં હંસ ઉડિ ચાલ્યા, નદિઓ જાય સુકાઈ;

સુકાં તરૂવર વન મુરજાઓ, વેલડિઓ કરમાઇ,

શ્યામઘન જળ. ૧

ગ્રેહ સુર પ્રચંડ તપેછે, તમ ભોમિ ગિરિરાઈ,
વિરહણિ જન બહુ તમ થયાંછે, કોણે સહ્યો ન જાઈ.

શ્યામઘન જળ. ૨

ઇંદ્રી કુળ ગોકુળ બહુ તપિયું, શીતળ કરો જદુરાઈ,
નેન સ્વરૂપ દર્શનવિન તપિયાં, શ્રોત ન મોરલી સુણાઇ,

શ્યામઘન જળ. ૩

અંગ સ્પર્શવિણ ત્વચા બળેછે, નાસા ગંધ સુહાઈ;
હાથ તપે પ્રભુ ચરણ કમળવિન, શાન્તિ કરો સમુદાઈ;

શ્યામઘન જળ. ૪

અઘા બગાસુર દાવાનળથી, લીધા સ્વજન બચાઈ;
ગ્રેહ અગ્નિમાં શાને બાળો, પ્રભુજી કરો સહાઇ;

શ્યામઘન જળ. ૫

ભાલ્ય બાણ તો અંગ બગાડે, અગ્ની બાણ જળાઇ;
પાશ બાણે બાંધીને છોડે, શબ્દ બાણ વિસરાઈ;

શ્યામઘન જળ. ૬

સર્વ દુઃખની ઔષધી કહીછે, વૈદ્યક ગ્રંથે ગાઇ;
પ્રેમદાસ પ્રભુવિરહ દરદની, પ્રભુવિન નહી ઉપાઇ;

શ્યામઘન જળ. ૭

દોહરા.

વાત પીત કફ વ્યાધિને, ટાળું ઔષધ ખાય;
પ્રભુવિન વિયોગ રાગનો, બણે ન કાંઈ ઉપાય.

ધુની.

અધમ ઉધારણદીનદયાળા, અશરણશરણકરપ્રતિપાળા;

પદ ૧૩ મું રાગરામગ્રી મલ્હાર.

સમરૂં માધવ મેઘને, વરષો જદુરાયા;
અરજી સુણો મારા નાથજી, બળી જાયછે કાયા;
સમરૂં માધવ. ૧

ચિત ચાત્રક વિલખે સદા, દર્શનબુંદ ન પાયા;
મન મોર વ્યાકુળ ભ્રમે, કરો કેશવ દાયા;
સમરૂં માધવ. ૨

દિલઠાકુર દાઝે ઘણો, કરો શ્યામ સહાયા;
બુદ્ધિ ભોમિ વ્યાકુળ થઈ, મારા નાથ ન આવ્યા;
સમરૂં માધવ. ૩

નેહ નદી જળ વિન થઇ, સુખ સર સૂકાયાં;
મોદ મહા વન બળી રહ્યું, તન તરૂ કરમાયાં;
સમરૂં માધવ. ૪

ગિરિગણ કરણ તપ્યા ઘણા, વૃતો વેલી નમાયાં;
જીવ બહુ તાપે તપે, કરો ઘનશ્યામ છાયા;
સમરૂં માધવ. ૫
અવધી આષાઢ વીતી ગયો, શ્રાવણ શુધ્ધિ ન પાયા;
જોશી જોગ જુઠા કર્યા, દવી દેવ મનાવ્યા;
સમરૂં માધવ. ૬
સુકૃત બીજ પાકી રહ્યાં, સીંચો ઘનરાયા;
પ્રેમદાસ પ્રભુ પાળશો, આશા અમર વધાવ્યા;
સમરૂં માધવ. ૭

દોહરો.

રોમ રોમ આંસૂ ઝરે, લોક કહે પરિસ્વેદ;
સૌ તન શ્યામ વિયોગથી, રોવે પામી ખેદ;

ધુની.

માધવ મોહન મુકંદ મોરારી, દીન દયાળ ભરોસો ભારી

પદ ૧૩ મું રાગ રામગ્રી.

શ્રીજદુનાથ દયાનિધી, કેશવ કૃષ્ણ અઘારી;
આશા બંધી થઈ આંધળી, પીડાઉછું ભારી
શ્રીજદુનાથ. ૧

શીબરી ગુણકા તાડિકા, મને તેવી ન વિચારી;
તેના ખોદી લિધા ડુંગરા, રતી લીધી ન મારી.
શ્રીજદુનાથ. ૨

શરણે આવી વ્યાકુળ થઇ, કાયર કૃપાણ દુખારી;
વ્રેહદર્દે વ્યાકુળ ફરૂં, વિન માણી વીષધારી.
શ્રીજદુનાથ. ૩

ધ્વારામતિના રાજા થયા, ઘાણી મોહની નારી;
ગજરાજે ચઢી ગિરિ લખ્યા, હું કીડિ ન નિહાળી.
શ્રીજદુનાથ. ૪

પાપી બહુ પાવન કર્યા, મારી કાંય ન સંભારી;
જો શુદ્ધ નહિ લો નાથતો, મેલો ઝેર કટારી.
શ્રીજદુનાથ. ૫

આપસહે દુખ આપનું, ઘાયલ ચોરનારી;
વ્યાકુળ નિરખું વાટડી, દુઃખ સહુ મન મારી.
શ્રીજદુનાથ. ૬

ભુવા ભરાડા જોતષી, પીડ જાણે ન મારી;
પ્રેમદાસ પ્રભુ દુખ હરો, નહિતો નાખો મારી.
શ્રીજદુનાથ. ૭

ધુની.

અધમ ઉધારણ વિપત વિદારણ, વિર્દ ભરોસો ભારી;

પત્ર ભિજાયે નેત્રજળ, કર લેખણ કંપાય.
વિરહવેરિ મનમાં વસ્યો, વ્યથા લખી નહિ જાય;

રાગણી પૂર્વી.

દુઃસહ દાહાડા દુખના, કયમ કરિને સહુંરે;
હરિ સાંભરતાં ફાટે હૈયું, તે હું કોને કહુંરે.
દુઃસહ. ૧
રાત દિવસ તનમાંહી લાગી, વ્રેહ અગ્નિમાં દહુંરે;
નેત્ર ઝરે જળ દરશન આશા, તેણે જીવતી રહુંરે.
દુઃસહ. ૨
પ્રેમપ્રચંડ નદીને પૂરે, પડી નિરંતર વહુંરે;
શ્રીહરીપદનૌકા વિના હું, શો આધાર ગ્રહુંરે,
દુઃસહ. ૩
રિદ્ધિ સિદ્ધિ સુમતિ સંપતિ, સુયશ સુખ ન લહુંરે;
પ્રેમદાસ બિન સ્વારથ પ્રભુને, વધતો પ્રેમ ચહુંરે.

ધુની.

અધમઉધારણ કરૂણાસાગર, અશરણશરણ મોરારી;

દોહરા.

મટે ન બહુજ વિયોગથી, ઉત્તમજનનું હેત.
જેમ ચમક સંજોગથી, લોહને કરે સચેત; ૧

ચાત્રક ત્યાગે સ્વાતિ વિન, સરિતા સાગર તાલ.
ત્યમ હરિજન હરિવિન તજે, સર્વ આળપંપાળ; ૨
સખીભાવની ભક્તિ જે. કહી સ્વમતિ અનુસાર;
પૂર્વાર્ધ પૂરણ કરી, કહ્યો પ્રેમશૃંગાર. ૩
ચૌદ કહીછે સપ્તપદિ, પંદરમી પદ ચાર;
એક એક દોહા ધુની, પ્રેમીજન શૃંગાર. ૪
પ્રાકૃત વાણી અલ્પને, ગાવે કરૂ વિચાર,
પ્રેમદાસ તેને કહે, આશિષ વારંવાર. ૫
ઉત્તરાર્ધ વર્ણવિ કહું, દાસ સખાની રીત;
ઉત્તમ સજ્જન જાણશે, સત શેવકની પ્રીત. ૬

ઇતીશ્રી પ્રેમશૃંગાર પૂર્વાર્ધ સંપૂર્ણ.

પ્રેમશૃંગાર ઉત્તરાર્ધ-પ્રારંભ.

દોહરો.

ગણપતિ મારૂતિ માતુપિતુ, શ્રીગુરૂ કમળાનાથ;
રવિ હર શકતી વંદિપદ, વિનવું શ્રીરઘુનાથ. ૧

પદ સમયાનુસાર, પ્રભાતી, કુમરી, ગોડી, આશા
વિગરે રાગમાં ગવાયછે—છંદ લાવણી.

જયજયગણપતિગિરજાનંદન, દોષઅમંગળદુ:ખહારી;
જય જય મારૂત સુત સુખદાતા, સમરથ શેવક હિતકારી.
જય જય. ૧

માતપિતા જય શ્રીગુરૂભાનુ, જય જગદંબે ભયહરણી;
વિશ્વવાસિની દુષ્ટનાસિની, ચિદશક્તી જગ વિસ્તરણી.
જય જય. ૨

જય શ્રીહરિ સર્વજ્ઞ સુખાકર, જયશંકર ભવ વિશ્વેશા;
પ્રેમદાસ વિનતી કરિ માગે, ભક્તિ અચળ ઉર અવધેશા.
જય જય. ૩

જય જય રામચંદ્ર સૌ લાયક, ધર્મદેવ મુનિજન ત્રાતા;
જયજયલક્ષ્મણભરતશત્રુહન,જયજગજનનીસિયમાતા.
જય જય. ૧

અશરણશરણપતિતપાવનપ્રભુનિગમાગમગુણવિખ્યાતા
પરાપાર પરમારથ પૂરણ, સર્વ નિયામક ફળદાતા.
જય જય. ૨
દીનબંધુ સુખસિંધુ કૃપાકર, કાળ કર્મ ગુણ જે હાથ;
પ્રેમદાસ પ્રભુ અધમ ઉધારણ, શુધ લો રામરમાનાથ. ૩

દોહરો.

વંદન કરિ રઘુવીર પદ, વંદૂ દશ અવતાર;
મચ્છાદિક બહુ તન ધરી, નાટક રચે અપાર. ૧

જય જય શ્રી પૂરણ પુરૂષોત્તમ, જયજયનિર્ગુણઅવિકારી;
જય જય શ્રી હરિ નર નારાયણ, જય જય માધવ મધુહારી
જય જય. ૧
જય જય મચ્છ કુરમ મહિધર પ્રભુ, જય જય નરહરિ અસુરારી;
જય જય શ્રી વામન ત્રિવિક્રમ, જય જય હરિ પરશુધારી.
જય જય. ૨
જય જય શ્રી રઘુવંશ વિભૂષણ, જય જય સુરનરસુખકારિ;
જય જય શ્રી સીતાપતિ રાઘવ, જય જય શ્રી અવધ. વિહારી. જય જય. ૩

જય જય શ્રી ગોપીજન વલ્લભ, જય જય ગોવર્ધન ધારી;
જય જય શુદ્ધ ધર્મ પ્રતિપાળક, જય જય કલિઅઘ સંહારિ.
જય જય. ૪

પ્રેમીજન સંગત નિત દેજો, લક્ષ પ્રેમનો અઘહારી;
પ્રેમદાસ પ્રભુ પ્રેમ નિરંતર, દેજો પદરજ બલિહારી.
જય જય. ૫

દોહરા.

ગણાધીશ શ્રીરામના, રામકળા હનુમાન;
તેને કરિ વિનતી કહું, રઘુવર વિનતી ગાન. ૧

વિનતી કાને ધરજો મારી, વિનતી કાને ધરજોજી;
હનૂમાન રઘુવીર હજૂરી, સ્હાય વચનથી કરજોજી.
વિનતી. ૧

વંચક જન કહેવાઈ રામનો, જગમાં મગ્ન ફરેછે જી;
કામ ક્રોધ મદ લોભે ઘેર્યો, નામે ઉદર ભરેછેજી.
વિનતી. ૨

દીન મલીન નિશીલ નિશંકી, તનધન માન બંધાયોજી;
સૌ સુખધામ રામને વિસરી, શત્રુ હાથ વેચાયોજી.
વિનતી. ૩

પ્રસંગ ચાલે એવાંનો તવ, મારૂં નામ વખાણોજી;
પ્રભુજી,! એક અધમ, શિરનામી,પ્રેમદાસને જાણોજી..'
વિનતી. ૪

શ્રી રઘુવરને સુરતિ કરાવો, જોગબણે એવો જ્યારેજી;
તો સૌ કર્મ ભર્મ ભય નાશે, બગડી સર્વ સુધારેજી.
વિનતી. ૫

અગમ અગોચર પ્રભુપદકેરી, આશા મારે મોટીજી;
પ્રેમદાસ રજસમ પ્રભુનામે,તર્યા અધમ ગિરિ કોટીજી.
વિનતી. ૬

દોહરા.

મારૂત સુતને વીનતી, કહી સ્વમતિ અનુસાર;
પ્રિછિ રઘુનાથ હજૂરમાં, મારો અનઅધિકાર. ૧
પતીતપાવન વિર્દ વડું, નિજ મનને સમજાય;
કહું રઘુનાથ હજૂરમાં, વિનય યથામતિ ગાય. ૨

કેમ કરીને ગાઊં, વિનતી કેમ કરીને ગાઊંજી;
શ્રી રઘુવર મહારાજા આગે, કે'તાં બહુ શરમાઊંજી.
કેમકરી. ૧

અગણિત દોષ વિચારિ આપણા, દોષ ભર્યો મુંઝાઉંજી;
ગુણી સુજન તે શ્યામ રિઝાવે, અધમ સુગુણ કયમ ગાઉંજી.
કેમકરી. ૨

મુનિજન જોગ ઉત્તમ તમ જનનો, વેશ સુઅંગ બનાઉંજી;
વિમુખ જનોને તમગુણ અમૃત, કોડી કાજ સુણાઉંજી.
કેમકરી. ૩

સાધુ આપ અસાધુ સર્વને, માની મન મકલાઉંજી;
તુચ્છ તૃણાસમ ગર્વગિરિ ચઢિ, સજ્જન માંય ગણાઉંજી.
કેમકરી. ૪

"સાચી પ્રીતે શ્રીહરિ સમરો," કહિ સૌ લોક સુણાવુંજી;
નગર પાપનું આપ વસાયું, કુકર્મ કોટ ચણાવુંજી.
કેમ કરી. ૫

વંચકદાસ વખાણે જગમાં, હું ધરિ વેશ કહાઉંજી;
એવા દોષ અનેક ભર્યાછે, ગુણ નહિ નાથ રિઝાઉંજી.
કેમ કરી. ૬

બીજો નહિં આધાર ભરોંસો, જેને શરણે જાઉંજી;
પ્રેમદાસ પ્રભુ નામ ભરોંસે, નિર્ભય મન હરખાઉંજી.
કેમ કરી. ૭

બીજો મન નહિ આવે ભરોંસો બીજો મન નહિ આવેજી;
આજગમાંહિઅલ્પઆયુષબળ, શ્રમફળનહિંમનભાવેજી
બીજો મન. ૧

તપ તીરથવ્રત દાનબહુ વિધિ. કહ્યો ઘણો ન બણ્યોછેજી;
આગમનિગમ પુરાણ સકળમાં; કળીજપયજ્ઞસુણ્યોછેજી.
બીજો મન. ૨

વિરતિ વિવેક આદિ સાધુગુણ, કામાદિક મળિ ખાયાજી
આશ્રમ વર્ણ ધર્મ સંજમ સુખ, ગાફલ ચિત્ત ગુમાયાજી.
બીજો મન. ૩

બહુ મત મોહમાન મદ પૂરણ, પંથ અને કે ભટકયોજી;
ઝગડો દેખિ હઠયું મન સૌથી, રામનામમાં અટકયોજી.
બીજો મન. ૪

કલી ગ્રસિત તન મન સાધનથી, થઇ નિરાશ મુંઝાયોજી:
પ્રેમદાસ પ્રભુ નામ ભરોંસો, કર્મ વચન મન ભાવ્યોજી.
બીજો મન. ૫

મુજસમ મંદ ન કોય જગતમાં મુજસમ મંદ ન કોયજી;
પતંગ મીન મતિહીન કહાવે, મુજસમ તોય ન હોયજી.
મુજસમ. ૧

આહાર રૂપવશ મીન પતંગે,લોહ અગ્નિ નહિ જાણ્યોજી;
જાણિ બૂઝિ ભવ વિપત સહું છું,તેથી અધિક અજાણ્યોજી.
મુજસમ. ૨

માયા મોહ નદીનો તાણ્યો, ભવસાગરમાં ચાલ્યોજી;
શ્રીહરિચરણકમળ નૌકાતજી, ફીણ ઉગરવા ઝાલ્યોજી.
મુજસમ. ૩

મહા કઠણ કળિકાળ નાગનો,ગ્રસ્યો દુખી થયો ભારીજી;
ઉગરવા ગયો દાદુર શરણે, ખગપતિનાથ વિસારીજી.
મુજસમ. ૪

જળજંતુ જ્યમ ટોળે થઇને, આવી જાળ બંધાયેજી;
આપ આપણું મૃત્યુ ન દેખે, અલ્પ જીવને ખાયેજી.
મુજસમ. ૫

સૂકું હાડ શ્વાન જ્યમ ચાવે, મુખ ફુટતું નહિ જાણેજી;
રૂધિર આપણું ખાય હાડમાં, સ્વાદ સુખને માણેજી.
મુજસમ. ૬

મારા દોષ શારદા બહુ જુગ, કહેતાં પાર ન લાવેજી;
પ્રેમદાસ પ્રભુ અધમ ઊધારણ,તે ભરૂંસો મન આવેજી.
મુજસમ. ૭

દોહરો.

દુર્જનનો પીડ્યો સુજન, કહે નૃપને ફરિયાદ;
ત્યમ હરિજન હરિને કહે, ભવ દુશ્મનની દાદ. ૧

રાગ રામશ્રી.

શ્રીરઘુનાથ કૃપાનિધિ, દુ:ખ સૌ મન મારી;
આપણી એબ ઉઘાડતાં, મતિ લાજેછે ભારી.
શ્રી રઘુનાથ. ૧

કામાદિક પોડે ઘણાં, રહે તન સંગાતી;
પળ એકસંગ તજે નહીં, બાળેછે બહુ છાતી.
શ્રીરઘુનાથ. ૨

સ્વાધિન હું સૌને રહું, સહુની રૂચી પાળી;
તોય ન એ શાન્તિ થયા, બહુ કરેછે કુચાલી.
શ્રીરઘુનાથ. ૩

દીઠી સુણી નહિ જકતમાં, આણઘટતી એવી;
કુટિલ કુકરણી જે કરે, કોઇ ન કરે તેવી.
શ્રીરઘુનાથ. ૪

દુર્ગતિ જેવી મારી થઇ, તેવી કયાંઇ ન ભાળી;
સાર કરો સમરથ ધણી, પણ આપનું પાળી.
શ્રીરઘુનાથ. ૫

નિજપણ દેખી દાસને, દેખો વિશ્વાધાર;
બહુ બગડી શેવકતણી, કરજો પ્રભુ વ્હાર.
શ્રીરઘુનાથ. ૬

પરવશ કુસંગમાં પડ્યો, તેની કરણી ન દેખો;
પ્રેમદાસને નાથજી, શરણાંગત લેખો.
શ્રી રઘુનાથ. ૭

દીન દયાળ રમાપતી, પ્રભુ ગરિબનિવાજ;
દીન ગરીબ હું નહિ થયો, કોઈ સુધર્યું ન કાજ.
દીનદયાળ. ૧

સેવ્યા ન હરિ ગુરૂ સંતને, સમર્યા નહિ રામ;
તપ તીરથ વ્રત નહિ કર્યાં, ભજ્યા તન ધન વામ.
દીન દયાળ. ૨

સૌ સુખદાયક નાથના, ગુણ ગણ નહિં જાણ્યા;
નામ રટણ કીધું નહી, વેઠે પથ્થર તાણ્યા.
દીન દયાળ. ૩

ભાજન અઘ અપરાધનો, નથી પ્રભુપદ પ્રીતી;
કુડો કુશેવક વીનવું, સુશેવકની રીતી.
દીન દયાળ. ૪

ખોટો ખરો જન રામનો, કહેછે નરનારી;
શેવકની બગડી સદા, સ્વામિ લેછે સુધારી.
દીન દયાળ. ૫

સમર્થ ધણી શિર જેહુને, તેને પીડ ન જાણી;
બગડે સુધરે દાસની, સ્વામિને લાભ હાણી.

દીન દયાળ. ૬

વિર્દાવળી જુઓ આપની, કોઈ નાતો મળશે;
નાથ અનુગ્રહ દાસનું, ભય બંધન ટળશે.

દીન દયાળ. ૭

સુણિ કરૂણાદ્રષ્ટી કરો, રઘુવીર દયાળ;
લેજો પ્રભુ પ્રેમદાસની, શ્રીરામ સંભાળ.

દીન દયાળ. ૮

દોહરો.

કરિ રઘુવરની વીનતી, ગાઊં હરિગુણ જેહ;
ભકતવછળતા હરિતણી, કહું નિજમન ને તેહ.

જંજાળી જીવ શું જાણશે, પ્રીતી નેં નીતી;
જાણે શ્રી રામ રમાપતી, પાળી જનની પ્રીતી.

જંજાળી. ૧

સજજન પ્રેમ નિહાળતાં, તજે ઇશ્વર રીતી;
તેને વશ વરતે સદા, એવી રાખેછે નીતિ.

જંજાળી. ૨

મીન પ્રભુ સત્ય વ્રતની, કચ્છ સુર રૂચિ રાખી;
મહિધર પ્રભુની વિચારજો, સંત સુરનર શાખી.

જંજાળી. ૩

નરસિંહ પ્રલ્હાદની કથા, સરવે જન ગાવે;
વામન બળીને વિચારતાં, ઉર સુખ ન સમાવે.

જંજાળી. ૪

પરશુરામ પિતા માતની, જેવી આજ્ઞા રાખી;
તેવી કોઈ ન રાખી શકે, જો જો સજ્જન શાખી.

જંજાળી. ૫

શ્રીરઘુવરની રીત તે, જીવથી ન જાણાયે.
નિગમ શેષ શારદ થકી, નહિ પાર પમાયે.

જંજાળી. ૬

શ્રીકૃષ્ણની માયાતણો, વિધિ પાર ન લાવ્યા;
તેને ગોપિજને બાંધિયા, બહુ નાચ નચાવ્યા.

જંજાળી. ૭

સર્વ નિયામક સર્વ પતિ, સર્વેશ્વર જેહ;
જે ગુણ કહ્યા શ્રીપતિતણા, શિવાપતિ ગુણ તેહ.

જંજાળી. ૮

નિજ પ્રભુતા તજી દાસની, પ્રીતી લેછે સુધારી;
દૂષણ કોટિ ગણે નહી, શ્રીપતી ત્રિપુરારી.

જંજાળી. ૯

ગુણ અપાર હરિ હરતણા, ઓછી બુદ્ધિમાં નાવે;
પ્રેમદાસ દૂષણ ભર્યો, તેને ઉર ક્યમ ભાવે?
જંજાળી. ૧૦

દોહરો.

આગે ઉધર્યા સુજન બહુ, રઘુવર કૃપા પ્રભાવ;
તે કરણી મુજમાં નહી, કહું વિનય પ્રસ્તાવ. ૧

પદ કેહેરવાનાં.

મારીઅરજીસુણજોશ્યામ,રમાપતિરામહરે, મારી ટેક.—
સેવક દુઃખ સુણી કરૂણાસિંધુ, ધાઓછો તજી ધામ.
રમાપતિ. ૧
ગજરાજે ઉરહારી સમર્યા, તજ્યો ગરૂડ નિજઠામ;
રમાપતિ. ૨
દૈત્ય ત્રાસ પ્રલ્હાદ બચાવ્યો, સમરતાંજ નિજનામ;
રમાપતિ. ૩
દ્રુપદસુતાની લજ્જા રાખી, ટાળ્યો નરપતિ વામ.
રમાપતિ. ૪
નરસિંહ હાર મામેરૂં હુંડી, પૂરી મનની કામ.
રમાપતિ. ૫

એક એક શત્રુથી રાખ્યા, પુરી સૌની હામ.

રમાપતિ. ૬

શત્રુ ઘણા પીડેછે મુજને, શ્રીરઘુવર ઘનશ્યામ.

રમાપતિ. ૭

લોભ ગ્રાહ દુખ દૈત્ય ક્રોધરિપુ, દુર્યોધન ખળ કામ.

રમાપતિ. ૮

પ્રેમદાસ પ્રભુ દીનબંધુ હરિ, શુદ્ધિ લેજો શ્રીરામ.

રમાપતિ. ૯

સુણો અરજી પરમ દયાળ, કુશોવક દીનતણી;

મુજસમઅધમનદીનદુઃખિજગ, તમસમ નહી કૃપાળ.

કુશોવક દીન. ૧

અધમ ઊધારણ દીન બંધવ, કરતા પતિત નિહાલ;

રૂદન સુણી ન સંભાળે જનની, ધીર ધરે કયમ બાળ.

કુશોવક દીન. ૨

આગમ નિગમ પૂરાણ પ્રબોધે, ગાવે વિર્દ વિશાળ.

કુશોવક દીન. ૩

હું કયમ નહિ પ્રભુ દીનપતિતખળ, મંદ કૃપણ કંગાળ.

કુશોવક દીન. ૪

કર્માધીન સ્વભાવ બંધ્યો પ્રભુ, ગુણવશ ઘેર્યો કાળ.
કુશેવક દીન. ૫
ઘણા પતિતની સહુ સુધારી, મારી કરી ન સંભાળ.
કુશેવક દીન. ૬
મુજ તૃણ ખાતર વિર્દ વિસાર્યા, ધર્યો વિવેક મરાળ.
કુશેવક દીન. ૭
સમર્થ સ્વામી સાચા શીરપર, મારે મન રહિ ફાળ;
નરક પડ્યાનો ભય નહી મારે, સંપતિ છે નિર્માલ્ય.
કુશેવક દીન. ૮
પ્રેમદાસ મનં એજ અંદેશો, રવિ સંગ રજની કાળ.
કુશેવક દીન. ૯

દોહરો.

અનન્ય ભક્ત નિજદાસનો, લક્ષ જ્ઞાન અનુરાગ;
ઉરજિત લક્ષણ ભક્તિનું, કહું વિવેક વૈરાગ. ૧

અરજી સુણજો દીનાનાથ, કહું શીર નામીરે;
ભવ બુડત પકડો હાથ, શ્રીપતિ સ્વામીરે. ૧
નહિ સંજમ નેમ વૈરાગ, તપસ્યા સિદ્ધિરે;
નહિ તીરથ વ્રત જપ જાગ, નહી બળ રિદ્ધીરે. ૨

કોઈ ઇચ્છા ન મનમાં થાય, કરો એવી શુદ્ધીરે ;
રહું શ્રીપતિ ચરણ સમાઈ, કરો મારી બુદ્ધિરે. ૩
મારા કઠણ કરમ સંજોગ, જયહાં જયહાં જાઊંરે;
ત્યહાં તજિ સ્વારથ સુખ ભોગ, હરી પદ ધ્યાઊંરે. ૪
તજી મોહમાયા મદ માન, જગત જશ ત્યાગીરે;
એવી સુમતિ દેજો ભગવાન, રહું પદ લાગીરે. ૫
સુણજો અધમ ઊધારણ રામ, કુશેવક અરજીરે;
પરમાનંદ પૂરણ કામ, હરણ દુખ હરજીરે. ૬
મારા સમરથ સરજનહાર, વિરદ સંભાળીરે;
કરો પ્રેમદાસને પાર, ભયાકુળ ભાળીરે. ૭

દોહરો.

માયાવશ પરિછિન્નથી, માયા તરી ન જાય ;
માયાપતિના ભજનથી, સજજન નિર્ભય થાય. ૧

મોહનની મોહની દુસ્તરરે, દુર્ઘટ માધવની માયા;
આપબળે કોઈ નહીં છુટે, છોડે આપ હરિરાયા.
મોહનની. ૧
સમજે વિચારે સુણે સુણાવેરે, વેદ પૂરાણે બહુ ડાહ્યા;
તોય માન મોહ મદ પીડે, મન વાણી મત બહુ ગાયા.
મોહનની. ૨

મુક્તિજતનકરિકરિબહુથાક્યારેઘાણીબૈલજ્યમબહુધાયા
આપ બળે સાધન જે સાધે, જેવા ગજ ગંગા ન્હાયા.
મોહનની. ૩

કેવલ બ્રહ્મ મધુર અમૃતરે, જે સજ્જન તેહને ખાયા;
તેભટકેનવિષયભ્રમજળમાં, વિષયિમૃગજ્યમ અથડાયા.
મોહનની ૪

જેણે ચિંતામણી કરમાં ધારીરે, તે ન દરિદ્ર દુખી કહાયા;
સ્વપ્નામાં તે વિપતિ ભોગવે, જાગત હાથ મળી માયા.
મોહનની. ૫

કામ તજે તો ક્રોધ સંતાપેરે, ક્રોધ તજે ધન લોભાયા;
લોભ તજે તો માન સંતાપે, ક્યમ છુટે દૈવીમાયા .
મોહનની. ૬

જ્ઞાન વૈરાગ સત્ય સાધનરે, નિગમાગમ સુજને ગ્હાયા;
પ્રેમદાસને કૃપા ભરોંસો, શ્રીરઘુનાથ કરો સહાયા.
મોહનની. ૭

દોહરા.

વાણીના વિસ્તારથી, કરિ અવાચ્ય નિસ્તાર;
રામ કૃષ્ણ શિવ બ્રહ્મનો, લક્ષ પરાથી પાર. ૧

પદ સમયનુસાર છંદ લાવણી.

સુણજોસજજનવિનતી મારી, કહું છું વચન સારનિસ્તારી
લોક રીત નેં વેદરીતમાં, જુઓ દ્રષ્ટિ નિહાળીરે;
આદ્યવચન નેં મધ્યવચનથી, અંતવચન નિરધારી.
સુણજો. ૧

વડો પુરૂષ તે વડાપત્રમાં, વડી વાત વિસ્તારીરે;
અંત નહીતો મિથ્યામાને, અંત સહી સતકારી.
સુણજો. ૨

ઘણા દહીમાં માખણ થોડું, તે જુવો નિસ્તારીરે;
વચન વિલાસ ઘણો હોય તેમાં, સાર અલ્પ હોય ભારી
સુણજો. ૩

રામાયણનોસાર રઘુવર, ભાગવતસાર મોરારીરે;
શિવપુરાણનોસાર સદાશિવ, જુવો નજર પસારી.
સુણજો. ૪

વેદસાર ત્યમ બ્રહ્મ જાણજો, કહે વેદાંત ઉચારીરે;
ઉત્તમ જનને તે ઉર આવે, લહે ન અનઅધિકારી.
સુણજો. ૫

સિંહપુત્રને સિંહણ કેરૂં, દુધ ઘણું ગુણકારીરે;
ત્યમ સાચા સતગુરૂના બાળક, શકે તે ઉરમાં ધારી.
સુણજો. ૬

પક્ષીમાંય ચકોર-કહાવે, શીત ઉષ્ણનો અહારીરે,
ચંદ્ર અમી કરિ શીતળ વરતે, અગ્ની શકે ન બાળી.
સુણજો. ૭
તેમ વિવેકી જ્ઞાતા વરતે, બ્રહ્માનંદ વિહારીરે,
માયા દ્રષ્ટી ન લોપે તેને, અંતર થયા નિઝારી.
સુણજો. ૮
નેષ્ટી શ્રોત્રી ગુરૂ મટાડે, વાક્ય વેદ ભ્રમભારીરે;
સંત હરી ગુરૂ ચરણ કમળની, પ્રેમદાસ બલિહારી.
સુણજો. ૯

દોહરો.

સેવક સેવ્ય વિભાગ કરિ, જીવ ઇશ અનુવાદ;
નિર્ગુણ લક્ષ સ્વરૂપમાં, આરોપણ અપવાદ.

લાવણી છંદ.

રમત નિરખતાં રામ વિસાર્યા,વાણ વિચાર જન કોઇરે;
ગુરૂગમ જ્ઞાતા રમત વિસારી, રહ્યા રામને જોઇરે.
રમત નિરખતાં. ૧
ઘણાક જનતો વિસ્મય પામ્યા, ઘણાક નજરે નાંણીરે,
ઘણાક જનતો કરવા લાગ્યા, હું મમતા ઉર આણીરે.
રમત નિરખતાં. ૨

કર્તામાં જેહની મતિ ખેંચી, તેણે કર્તા જાણ્યોરે;
જેણે કર્તા જાણ્યો નાહીં, તેણે કૃત્ય વખાણ્યોરે.
રમત નિરખતાં. ૩
કરતા તોલે કૃત્ય ન હોય, કૃત્ય સમાન ન કર્તારે;
અનુભવ ગમ્ય અરૂપ અનામી, નામ રૂપ વિસ્તરતારે.
રમત નિરખતાં. ૪
ગુરૂગમ વિના કૃત્યમાં મોહ્યા, તે તેહમાં ભરમાયારે;
કર્મકલાણમાં કળી રહ્યા તે, ભવસાગરે વહાયારે.
રમત નિરખતાં. ૫
નામે રૂપે કૃત્યજ ફેલ્યો, દીઠયે સુણ્યે ન છૂટેરે;
રવી કીરણ આભાસે મૃગજળ, ઉલેચતાં નહીં ખૂટેરે.
રમત નિરખતાં. ૬
કૃત્ય જાણવા ચતુર થયા તે, ગુણે કરી થયા ગરવારે;
ગુણાતીતને ગુણી ન પામે, સુવર્ણનાવ ન તરવારે.
રમત નિરખતાં. ૭
કૃત અધ્યાસી કૃત્યમાં ભરમે, જ્યાં આશા ત્યાં વાસારે;
બાજીગરની બાજીના જયમ, દેખે ખલક તમાસારે.
રમત નિરખતાં. ૮
બાજીગરનો જંબુરો તે, મોહ કદી નહિ પામેરે;
એમ વિવેકી જ્ઞાતા સજ્જન, તે નહિં લાગે ભામેરે.
રમત નિરખતાં. ૯

ભૌતિક ભૂત સુણ્યા દીઠામાં, લહરી સિંધુ કલ્લોળારે;
પ્રેમદાસ પ્રભુ સુખસાગરના, જગતજીવ હિલ્લોળારે.
રમત નિરખતાં. ૧૦

ચાબકા

સુણજો પરમારથ વાતાં, અભય રહો હરિ શરણે થાતાં;
સમજાથી હરિ સળંગ ભાસે, હું તું ખોવાતાં.
સુણજો. ૧
મોટપમાંછે દરદજ મોટું, ચઢે ગર્વ ગાતાં;
હું પદમાં તો સર્વસ ખોયું, રહ્યા ન ભરમાતાં.
સુણજો. ૨
પરધન કેરો ખરચ કરીને, થયો આપ દાતા;
બીજા સૌને રાંકજ નિરખ્યા, ભરમે ભૂલાતાં.
સુણજો. ૩
અંતરમાં મળ ઘણો ભર્યો તે, ટળે નહીં ન્હાતાં;
રસ વ્હોણા જે વડના ટેટા, દીસે બહુ રાતાં.
સુણજો. ૪
પાપ તમારી પૂઠે વળગ્યું, ધર્મ કાજ ધ્યાતાં;
મિશ્રિતમાં મૂંઝાઈ રહ્યાછો, અવળું સમજાતાં.
સુણજો. ૫

સ્થાવર જંગમ હરી સનાતન, જીવ જગત જાતાં;
પ્રેમદાસ પ્રભુ પોતે પ્રગટે, અનુભવે જોવાતાં.
સુણજો. ૬

ભક્તિશૃંગારનું પદ.

રાગ પ્રભાતી અથવા કડખા છંદ—

ભકિત શ્રીહરિતણી પ્રેમદા પદમણી,
સર્વ જગ સુંદરી સહજ શોભી;
નાથનિર્ગુણ નિરાલંબ નિર્લોભ તે,
લક્ષ લાવણ્યમાં રહેજ લોભી. ભકિત શ્રી. ૧
પ્રેમપરકાશનું તેજ ત્રયલોકમાં,
રૂપનો નિરખતાં પાર નાવે;
વિષય વૈરાગ્ય કરિ, રહેતિ નિર્મળ સદા,
બ્રહ્મભરતારનો ભોગ ભાવે. ભકિત. ૨
નિયમ સંયમ તણી, ચૂડિ સોહ્યામણી,
હાર હરિનામનો હૃદય રાજે;
શીલ સંતોષ તે ચીર શોભે ઘણાં,
સત્ય શમ નેપુરો ચરણ વાજે. ભક્તિ. ૩
મુક્તિ સિંદુર શ્રીમંત શિર શોભતો,
શાંતિ મૃગમદ તણી આડ કીધી;

ઓઘઆનંદના સર્વ ભૂષણ સજ્યા,
ક્ષાંતિ મણિમાળ ઉર ધારિ લીધી. ભક્તિ. ૪
કોટિકંદર્પપતિ નાથને રિઝવવા,
બ્રહ્મ અનુભવનિશો પાન કીધો;
જ્ઞાન અંજન સજ્યાં નેત્રની કોરમાં,
અચળ અદ્વૈતને વસ્ય કીધો. ભક્તિ. ૫
ભક્તિની પ્રાપ્તિતો અગમ છે જીવને,
શેષ શિવ મુનિ લહે સનક સાથ;
દીન બળ હીણ જન પ્રેમદાસઉપરે,
કરૂણ દ્રષ્ટી કરો દીનનાથ. ભક્તિ. ૬

દોહરો.

સજ્જન લક્ષ વિવેકયુત, કહ્યો અગમ અનુરાગ;
નિજમનને ઉપદેશ હિત, કહું ભજન વિતરાગ. ૧

અથ મનોપદેશનાં પદ.

સોરઠ તથા સોહનીનાં.—

મન માધવનું સમરણ કર રે,
રંક નિધિ જયમ પ્રીત કરીને, ક્ષણક્ષણ ચિત્તમાં ધરરે,
મન માધવનું. ૧

સૌ સુખ ધામ રામ તજી જગમાં, શાને ફેરા ફરરે;
રામ ભજન પુરૂષારથ બળ કરિ, જગત જાળથી ઉગરરે;
મન માધવનું. ૨
દોષ ભર્યા જે જીવ જગતના, તે સંગત પરહરરે;
બહુકાળનો તાપે બળેછે, કરિ સત સંગત ઠરરે.
મન માધવનું. ૩.
જ્ઞાન ભકિત વૈરાગશીલમાં, ગુરૂ ગમે અનુસરરે;
જોગ યજ્ઞ તપ ત્યાગ તીર્થવિન, ભવનિધિ પાર ઉતરરે.
મન માધવનું. ૪
ફળ હરિભજન ફૂલ સૌ સાધન, તે નિશ્ચે ધરિ ઉરરે;
રાગ દ્વેષ અપમાન માન ખળ, શત્રુ માની ડરરે.
મન માધવનું. ૫
ભજનવિના ન મટે ભવવિપતી, સત્ય મતો ઉરધરરે;
પ્રેમદાસના પ્રભુને સમરે, શોષ વિરંચી હરરે.
મન માધવનું. ૬

સોરઠી પરજ.

રામભજન નહિં લાગે, જે જન રામભજન નહિ લાગે;
તો મન જ્યાં જ્યાં જાય ત્યહાં ત્યહાં, બળશે ત્રિગુણિઆગે.
જે જન. ૧

તૃષા પીડશે ગંગાતીરે, અમૃત વિષ થઇ લાગે;
દારિદ્ર આપશે સુરતરૂ સેવા, વિપ્રીત ફળ હોય જાગે.
જે મન રામ. ૨

મુક્તિ સાધન સૌ બંધન કરશે, પાપ પુણ્યથી લાગે,
ઓળે મૃગજળ લૂંટે થંભ નર, મરશે રજ્જુને નાગે.
જે મન રામ. ૩

શત ઇંદ્રના વૈભવ મળે તોય, તૃષ્ણા ભુખ નહિં ભાગે,
સુખ શૌભાગ્ય ખાણ શ્રીરઘુવર,ભજ નિશદિન અનુરાગે.
જે મન રામ. ૪

મચ્છીને જળ ત્યમ તુજને, મન રામ વિના ન સુહાગે;
પ્રેમદાસ મન લાગશે ત્યારે, જગ સુખ છરદી ત્યાગે.
જે મન રામ. ૫

પદ બિહાગ.

સમરૂ લગની લગાઈ, શ્રીહરી સમરો લગની લગાઈ;
લગની વિના કોઈ પાર ન પામે, રહે જગમાં ભરમાઈ.
શ્રીહરી. ૧

શ્રીહરી પદ જળ ગંગા લીધી, શંકર શીશ ચઢાઈ;
લક્ષ્મીજી સૌ ત્યાગ કરીને, હરિપદ સેવા સાહી.
શ્રીહરી. ૨

ગૌતમ નારી ઇંદ્ર સંગથી, રહી શિલા તન માંહી;
તે શ્રીરામ ચરણરજપરશી, રહિ શિવધામ શમાઈ.
શ્રીહરી. ૩

સુખ સૌભાગ્ય ખાણ શ્રીહરિપદ,મહિમા કહ્યો ન જાઈ;
અજશનકાદિ શંભુ નારદમુનિ શેષ શારદા ગાઈ.
શ્રીહરી. ૪

અધમ જીવ જે શરણે આવ્યા રહે નિર્ભયપદ છાઈ;
પ્રેમદાસ સમ મંદહીણને, બીજો નાહી ઉપાઈ.
શ્રીહરી. ૫

બીહાગડો.

મન પસતાઇશ ચોળી હાથ,
મળ્યો સુગમ તન દુર્લભ દેવને, તેને ખોવેછે અકાથ.
મન પસતાઇશ. ૧

હરિભજન વીના સાધન સરવે, મથન જેવો પાથ;
જગ મૃગજળની આશ ત્યાગો, કર સંતગંગા સાથ.
મન પસતાઇશ. ૨

જેને કાજે પરલોક બગાડે, તે નહિ આવે સાથ;
એ ઋણિયાં સૌ સ્વારથસંગી, શાને ભરેછે બાથ.
મન પસતાઇશ. ૩

અધમ ઉધારણ પતિતપાવન, વેદ વદે ગુણગાથ;
પ્રેમદાસ જેવા મંદજન બહુ, શર્ણે લિયા રઘુનાથ.
મન પસતાઇશ. ૪

પદ ફુનડાનાં.

બહુ જગ ભરમી મનુષ તન પાયો,
મૂરખમૃત્યુનજાણેશિરપર,અભયદાનિશ્રીપતિવિસરાયો.
બહુ જગ. ૧
બાળજુવાતરૂણપણાવિત્યા,હરિગુણએકઘડીનહિગાયો;
જરજર દેહ થઇતોયમન, જગમૃગતૃષ્ણા ભ્રમિનધરાયો.
બહુ જગ ૨
દારા સુત વિતભોગ ભૂમિમાં,હું મમતા માની બંધાયો;
ભાગ્યહીણને ઘણું કહ્યું પણ, હરિભજી પળ વિશ્રામ
ન આયો. બહુ જગ. ૩
જમજીતીગ્રહબાંધ્યાં જે નૃપ, આપબળે સૌજગતવસાયો;
તેપણકાળનોગ્રાસથયાબહુ, તુંતુચ્છકોણગાણતિમાંગાયો.
બહુ જગ. ૪
ચોરાશીલખ જોની ભરમ્યો,જમદઇમારઘણોતનતાવ્યો;
પ્રેમદાસ મનતોય ન સમરે,જે પ્રભુ શિવ અજમુનિ મન
ભાવ્યો. બહુ જગ. ૫

વાલાજીના મહિનાનો ઢાળ—

માયાનો મદ શીશ ચઢયોછે તારેરે, હરિભજને;
ભવસાગરમાં બુડિ મુઓ તે ભારેરે, મન હરિભજને.૧
મોહ ભમર તો આવી ઘેર્યો ભારીરે, હરિભજને;
નિકળવાની કોઈ ન લાગી કારીરે, મન હરિભજને. ૨
માયા ફંદ પડયો ન જડો કોઈ બારીરે, હરિભજને;
ફૂલિ માનમાં પુષ્ટ થયો તું ભારીરે. મન હારિભજને. ૩
તૃષ્ણા દોરી આવર્ણ આંટી ધારીરે, હરિભજને;
ગુણ તારકરી ગુંથીને જાળ પસારીરે,મન હરિભજને.૪
ઠગબાજીમાં ભૂલીને ભવ હાર્યોરે, હરિભજને;
દિવસેવસ્તીમાંય લુટીને માર્યોરે. મન હરિભજને. ૫
કામ શત્રુને કરિ વૈરાગ સંહારોરે, હરિભજને;
ક્રોધ કાળને ક્ષમા ખડગ લઈ મારોરે.મન હરિભજને.૬
લોભ સુભટ સંતોષ કરીને હઠાવોરે, હરિભજને;
શત્રૂ સૂદન પ્રેમદાસ પ્રભુ ધ્યાવોરે. મન હરિભજને. ૭

રાગ પરજ.

શેઠ સગાળશા સાધુને સેવે. એઢાળ—

સુરજ ચંદ્ર ઉદય અસ્ત થાયે, આયુષ્ય ગ્રાસે કાળ.

મૂરખજીવ કહ્યું નહી માને, હરખે કરે જંજાળ;
શ્રીહરી સમરો પ્રાણીરે, નહિતો થાશો હાણીરે. ૧
હું મમતા શિર બોજ ધરીને, ભટક્યો ભવમાં ભૂર,
દિવસમાં દિશી ભરમ થયોરે, ઘર તજી ચાલ્યો દૂર;
આગે નિશી આવે અંધારીરે,ભજી લ્યો શ્રીમોરારીરે.૨
જન્મમરણના દુઃખને દેખે, ત્રાસ ન માને તોય;
મોહસુરા કરી મત્ત થયોરે, ભકિત જ્ઞાન ન હોય.
થયો મંદભાગી પ્રાણીરે, જાશો જમકિંકરતાણીરે. ૩
માતતાત સુત બંધવ દારા, ઋણ સંબંધી સૌ કોય;
સર્વસ્વ લઇને તજશેરે પ્રાણી, તેમાં રહ્યો તું મોહી;
બાજી આવી હાથે ખોઇરે, પછી પસ્તાશો રોઇરે. ૪
શે સુખે નિદ્રા તુજને આવે, શિર શત્રુ વિકરાળ;
તું ગાફલ થિરતા કરિ બેઠો, પળ પળ ખાયે કાળ;
તેનો તું રાખજે ધોખોરે, મોટો માથે જમનો જોખોરે.૫
લખચોરાશી ભ્રમતાં દીધોછે, માનુષ્યનો અવતાર;
પેદા કર્યાની લાજ વિચારી, પાળે વિશ્વાધાર;
તેના ગુણ ગાફલ ભૂલ્યોરે, ક્ષણસુખ દેખી ફૂલ્યોરે. ૬
જીવના ગુણને જીવ ન ભૂલે, જીવનો કિંકર થાય;
હરિગુણ કીધાનો પાર ન પામે, કોટીકલ્પ કહાય;
શ્રીહરી શરણે થાવોરે, પ્રભુપ્રેમદાસના ધ્યાવોરે. ૭

પદ બીજું.

માન કર્હું મનમાન કહ્યુંરે હું મમતા તજી દૂર;
સ્વપ્ન તણાં સુખ સત્ય જાણ્યાંરે, ચાલ્યો ભવજળ પૂર;
બેઠો નહીં સતસંગ નાવેરે, જીતી બાજી હાર્યો દાવેરે. ૧
રાજકલત્ર સગાં ધન બંધવ, પુત્ર પિતાને માય;
નાવ નદી સંજોગ બણ્યોરે, જ્યમ આવે ત્યમ જાય;
તેમાં નથિ કોઇ સંગાતીરે ભવોભવ બળશે છાતીરે. ૨
સૃષ્ટીસમે સૃષ્ટી ઉપજાવી, આદ્યકલ્પ શ્રીરામ;
તે કાળનો તું ભવમાં ભરમેરે, પામ્યો નહી વિશ્રામ;
જુગો જુગ વેરીયે લૂટયોરે, તેમાંથી ત્રાસી ન છૂટયોરે. ૩
સાગર સાતસમાન પીધા તેં, માતા કેરા થાન;
તોય ભ્રમણનો અંત ન આવ્યો, ભજ્યા નહી ભગવાન;
આતમ ઘાતી આપથી મુવોરે, પડયો દેખી અંધકુવોરે; ૪
શ્રીહરિછે તારા સદા સંગાતી, સૌ સુખના જે મૂળ;
સ્વાર્થવિના પ્રતિપાળ કરેરે, તેને રહ્યો તું ભુલ;
કૃતઘ્ની તેને સંભારશેરે શ્રીહરી હેતુ તારશેરે. ૫
જન્મમરણને નર્ક તણાંરે દીઠાં દુઃખ અપાર;
તોયે ત્રાસ ન પામ્યોરે પ્રાણી, સમર્યા નહિં કરતાર;
ચેતોને જીવ અભાગીરે, થાશો ભજ્યે રામ સોહાગીરે. ૬

લાવ્યો હતો શીસંપત પ્રાણી? જાઇશ ઠાલે હાથ;
તલભર તારૂં કાંય નથીરે, શાને ભરેછે બાથ;
ભજો મન ભાવકરીનેરે પ્રભુ પ્રેમદાસ હરિનેરે. ૭

અવિનાશી આવોરે, જમવા કૃષ્ણહરી "એઢાળ."

શુભ સાચ કહુંછુંરે, મન તું માન કહ્યું;
આશા સરિતામાંરે, શાને જાય વહ્યું. ૧
સતસંગછે નૌકારે, તેમાં વાસ કરો;
સતગુરૂને વચને રે, મન વિશ્વાસ ધરો. ૨
મહા મોહ નિશામાંરે, સુતો સુખ આણી;
દુર્જન વશ વરતેરે, હિત સજ્જન જાણી. ૩
હરિ શરણ થઇનેરે, વિષયા વિષ ત્યાગો;
જગ દાવાનળથીરે, મન ત્રાસી ભાગો. ૪
શ્રીરામ ભજન વિનરે, ભટકયો ભરમાય;
વિન બંધન બંધાયોરે, કીર કપિ ન્યાય. ૫
સ્વપ્નામાં વ્યાધીરે, દુખદાતા થાય;
બુટ્ટી નહિં લાગેરે, દુખ જાગ્યે જાય. ૬
નિજ લાભ કે હાણીરે, મૂરખ નહિ બૂઝે;
શુધિ શીશ વિનાનૂરે, જેવું ધડ ઝુઝે. ૭
જગ દખિ શુણીનેરે, મુરખ ભરમાએ;
બહુ અનરથ કરતોરે, મન નહિ શરમાએ. ૮

ભૂલ્યે ભવ ભાસેરે, ભ્રાન્તિના બળમાં;
લહરી ઉલ્હાસેરે, જેવી મૃગજળમાં. ૯
તેમાં ભટકીનેરે, સુખસાગર ભૂલ્યો;
મનમોહ કરીનેરે, ફોકટમાં ફૂલ્યો. ૧૦
દુખથી દુખ ભારીરે, સુખછે કે'વાનું;
જોતામાં જાશેરે, થિર નહિ રે'વાનું. ૧૧
તે માટે ત્યાગોરે, મિથ્યા સુખ બુદ્ધિ;
તૃપ્તી નહિં પામોરે, ઇંદ્રાસન સૂધી. ૧૨
અક્ષય સુખ હરિછેરે, જ્યાં દુખ લેશ નહીં;
જ્યાં કર્મ ન માયારે, જકત ન જીવ સહી. ૧૩
જ્યાં કાળ સ્વભાવ ન રે, દ્વૈત પ્રપંચ કશો;
શ્રીહરી શનાતનરે, આપે આપ વસ્યો. ૧૪
બ્રહ્માદિક તેનેરે, નિશ્ચય કરી રહ્યા;
સૌ ભક્ત વિવેકીરે, તે પદ લીન થયા. ૧૫
ગુરૂ દેવ પ્રસાદેરે, હરિ ઉરમાં ધારો;
પ્રેમદાસ પ્રભુ ભજિરે, હું મમતા મારો

વસંત પુજાનાં પદ.

રાગ વસંત—

મહા મંગળદિન આવ્યો સખીરે, ચાલ્લો વસંત વધાવો;
જેને શિવ બ્રહ્માદિક સેવે, તેહ શ્રીહરિ ઉર ધ્યાવોરે.
મહા મંગળ. ૧
શીલઆભુષણ પેરો સખીરે, શાન્તિ શૃંગાર બનાવો;
પ્રેમ પુષ્પની માળ ધરો ઉર, સમતા સુગંધ લગાવોરે.
મહા મંગળ. ૨
કેશર ચંદન કુમકુમ ધારો, સંજમ નિયમ વિરાગ;
શ્રધા શ્રીમંત શીશે સજોરે, પામો અચળ સોહાગરે.
મહા મંગળ. ૩
જ્ઞાન ગુલાલ અબીલ જે અનુભવ, ભક્તિ કળશ ચઢાવો;
પૂજા રીતિ પ્રીત્યે કરજો, પ્રેમદાસ પ્રભુ ધ્યાવોરે.
મહા મંગળ. ૪

પદ ૨ જું.

આવી નરતન ઋતુ વસંત કરિ, શુભગુણ તરૂવર ફૂલે;
શુધ મન ભ્રમર છે તેનો ભોકતા, ગંધ લઈ દુખ ભુલેરે.
આવી નરતન. ૧

આદિ વિવેક વિરાગ સંજમ રહે, કુસુમ સંપદા છાઈ;
ભક્તિ જ્ઞાન રસ ગંધ સહિત છે, સુમન ભમર સુખદાઇ.
આવી નરતન. ૨

ચોરાશી લખ હીમઋતુને કરી, શુભ તરૂ રહ્યાં સુકાઇ;
નર શરીર ઋતુરાજે કરીને, સઘન થયા વનરાઇ.
આવી નરતન. ૩

અપદ એકથી ચાર બહુપદ, જોનિ અનેક ઉપાય;
તે સહુમાંહ્ડી ઉત્તમ નરતન હરિ, આપનિ ।ાસ બનાયરૈ.
આવી નરતન. ૪

દુર્લભ દેહ સરવ સિદ્ધિ દાતા, ઉગ્ર ભાગ્યથી આવી;
પ્રેમદાસના પ્રભુને સમરે, હું મમતા વિસરાવી.
આવી નરતન. ૫

હોરી કાફીની.

હરી હોરી અજબ રચાવે, આપનિજ રૂપ રહાવે હરી
હોરીટેક.—

ઇચ્છાપ્રેરી આપ આપમાં, વિધિહર વિષ્ણુ સોહાવે;
કર્તા ભર્તા હર્તા આપ હોઇ,
ઇશ્વર રૂપ કહાવે, જેને નેતિ નેતી ગાવે, હરિ. ૧

પ્રેરી શકતી વિક્ષેપ આવ્રણ, જગતજીવ ઉપજાવે;
સત્વ રહી રજતમ ઇક્ષણથી;

રચના અનેક બનાવે, તેમાં રહી આપ છુપાવે. હરિ. ૨
પંચભૂત સામગ્રિ કરીને, થિર ચર બહુ ઉપજાવે;
સ્થુલ સુક્ષ્મ વિસ્તાર સરવને,
આપહી પ્રેરી ચલાવે, ફરીઆપે આપ સમાવે. હરિ. ૩
નાટક રચના કરિ નાનાવિધિ, લખ ચોરાશી નચાવે,
દેવ દનૂજ મનૂજ આદિ કરિ;
વેશ અનેક ફિરાવે, નિરંજન આપ ભુલાવે. હરિ. ૪
કર્તા ભોકતા માની આપને, દેહ અભિમાન બંધાવે;
કામ ક્રોધ મોહજાળ ફસીને,
કર્મ અનેક કરાવે, તેણે બહુ યોનિ ભ્રમાવે. હરિ. ૫
સંતગુરૂ સતસંગ કરીને, આતમ આપ જણાવે,
પ્રેમદાસ પ્રભુ સમરો પ્રીત કરિ;
તો સહુ દુઃખ વિલાવે,ફરી નહી ભવ ભરમાવે.હરિ૬.

ધુમર.

એવી હરિજન હોરી ખેલીએ હો, ખેલીએરે હરિગુરૂ;
સંતની સંગ એવી હરિજન હોરી— ટેક—
પારાવાર રહિત પરમાનંદ, ભૌતિકભૂત અસંગ.એવી ૧
અનેક રંગ પિચકારી છૂટે, લખ ચોરાશી વેશ;
શ્રીહરી ઓથમાં રૈયેતો તેનો,દાગ લાગે નહિ લેશ.એવી ૨

મમતા મેલને દીજે ઉતારી નિર્મળ જળકરિ જ્ઞાન;
સંજમચૂવામર્દનકરિએરે,સુવિચારસુવસ્ત્રવિધાન.એવી. ૩
શીળ આભૂષણ તનમાં સજિયે, શાન્તિ કેશર ભાલ;
આતમા અનુભવ મુકુટ ધારિએરે, કરૂણાપંકજમાલ.
એવી ૪
ધ્રુવ પ્રલ્હાદ એવી વિધિ રમિયા, શનકાદિનો સાથ;
શુક અમરિખ વસિષ્ટ આદીજન, સંત પ્રગટ ગુણગાથ
એવી. ૫
સતગુરૂ સંત શરણ થઇ રહિયે, મનનો મોહ પળાય;
સંતગુરૂ વચનામૃત ફગવા, પ્રેમદાસ જન ખાય.
એવી. ૬

એવી સુરંગ નવલી ઋતુ વસંત,તેને જાણે કોઈ વિરલા સંત;
ફુલ્યા લોકવન બહુ પ્રકાર,તેનો ગણતાં ન કોઈ પામે પાર.
એવી સુરંગ. ૧
સદ્ચિદ આનંદ અજ અમાપ,તે શ્રીહરી હોરીખેલેઆપ;
તે ક્રીડા કરે નાના પ્રકાર,રમે લખ ચોરાશી વેશ ધાર.
એવી. ૨
સિંધુતરંગવતવિવિધઘાટ,કરેનવલનવલનિત્યઅનિત્યઠાઠ
કરે જળચર થળચર અજબરંગ,પટતંતુ રીતિ રહે સર્વસંગ.
એવી. ૩

કરે પૂષ્પવાટિકા નરશરીર, જ્યાં ભક્તિ જ્ઞાનવિરતીસમીર;
કરે શુદ્ધ વિચાર સુરંગ ફૂલ, જ્યાંસુમન ભમર રહે ભ્રમાણુ
ભૂલ. એવી. ૪
કરે મંદિર હરિજન ઉર શોભાય, તેમાં પ્રગટ વસે હરિ
અખંડ રાય;
તે સંતચરણમાં દેજોવાસ, કહે સંતચરણરજપ્રેમદાસ.
એવી. ૫

લાવણી છંદ, પદ સમયનુસાર.

શ્રીશંકરહર શાંભ શૂલધર, સમરૂં શિવ ત્રિપુરારીજી;
દીનદયાળ ભકતઆરતહર, શરણાગત હિતકારીજી.
શ્રીશંકર. ૧
અલખઅનાદિઅનેકએકરસ, અજઅનંતઅવિકારીજી;
ચંદ્રચૂડ શિવ સમરણ કરતાં, નાશે ત્રિવિધ ત્રિજારીજી.
શ્રીશંકર. ૨
શ્વેત વિભૂતિ ત્રિપુંડ વિરાજે, ગિરિજા અંગ વિહારીજી;
ડમરૂ ત્રિશૂળ માલ કર ખપ્પર, ભાલચંદ્ર છબિધારીજી.
શ્રીશંકર. ૩
શેષ મુકુટ શિરગંગારાજે, કંઠ ગરલ છબિભારીજી;
ચંદ્રઅર્ક વૈશ્વાનર લોચન, શ્વેત અંગ છબિસારીજી.
શ્રીશંકર. ૪

રૂંડમાલ ગલ સુંદર શોભે, કટકાંગદ વિષધારીજી,
કુંડલ ઉપવિત કટીમેખળા, નાગ ધર્યા અસુરારીજી.
શ્રીશંકર. ૫

ચરણ કમળ છબિ વરણિ ન જાયે, સકળ સૃષ્ટિથી ન્યારીજી;
નખ ઉપમા કહું નાગમણીસમ, ભકત હૃદય તમ હારીજી.
શ્રીશંકર. ૬

ગિરિ કૈલાસ નિરંતરવાસી, ઉર શ્રીઅવધવિહારીજી;
સ્કંધ ગણેશ નંદિ ભૃંગિગણ, વાઘાંબર વિસ્તારીજી.
શ્રીશંકર. ૭

દધિ પય ઘૃત મધુ સાકર અક્ષત, બીલપુષ્પ પ્રિયવારીજી;
અષ્ટગંધ ચંદન પ્રિય દીપક, આરતી પ્રેમ ઉતારીજી.
શ્રીશંકર. ૮

શંભુ ઇશ પશૂપતિ શૂલી, મૃત્યુંજય દુખહારીજી;
પ્રેમદાસ ઉર વસો નિરંતર, ભવભયહર કામારીજી.
શ્રીશંકર. ૯

શ્રીગણપતિની આરતી.

જય ગણપતિદાતા, જય ગણપતિદાતા;
આરતિ કરૂં કૃપાનિધિ, સેવકજન ત્રાતા. જય. ૧

સુમુખ ગજાનન ગુણનિધિ, કાર્તિક પ્રિય ભ્રાતા;
એક દશન મુખ સુંદર, લંબોદર ગાતા. જય. ૨
રૂપ ચતુર્ભુજ રાજત, શિર સિંદુર રાતા;
સુખદાયક ગણનાયક, પદ પ્રિય જલજાતા. જય. ૩
કપિલવરણ મૂષકધ્વજ, મોદક પ્રિય ખાતા;
ભાલ ત્રિપુંડ વિરાજે, શિવશંકર તાતા. જય. ૪
ગજકર્ણક વિઘ્નેશ્વર, આદિ દેવ ધાતા;
શ્રીહરપુત્ર વિનાયક, પારવતી માતા. જય. ૫
માળા પરશી નેજા, રવિ શશિ ઝળકાતા;
કટકાંગદ ભુજભ્રાજત, દર્શન દુખ જાતા. જય. ૬
લક્ષ લાભ સુત સાદૃશ, સૌ શુભ ગુણ જ્ઞાતા ;
સતી શિરોમણિ સાધ્વી, સુધિ બુધિ વિખ્યાતા. જય. ૭
શીશ મુકુટ નીલાંબર, પીતાંબર રાતા;
મંગળ મોદગુણાકર, નેપુર ઠમકાતા. જય. ૮
દધિ પય ઘૃત મધુ સાકર, બીલ પુષ્પ રાતા;
દુર્વા અક્ષત પંકજ, ધૂપ દીપ વાતા. જય. ૯
કુળ કરણી ન નિહાળે, માને જન નાતા;
પ્રેમદાસને દેજો, હરિપદ સાક્ષાતા. જય. ૧૦

ભાગવત પ્રશંસા.

૫૬ રામગ્રી.

વંદન કરિ વીનતી કરૂં, ભાગવત શ્રીગંગા;
મારૂ અંતર રહો સદા, દેજો ભકતી અભંગા.
વંદન. ૧

શ્રીનારાયણ સ્વમુખે, કરી પ્રગટ ઉદારા;
બ્રહ્માજી ઊરમાં ધરી, વચનામૃત ધારા.
વંદન. ૨

શ્રીશંકર નારદઋષી, ચિત શિર નિરધારી;
ભાગીરથ શ્રી વ્યાસજી, જગમાં વિસ્તારી.
વંદન. ૩

હરદ્વાર શ્રી શુકદેવજી, સુત શૌનક કાશી;
સુજન ઘાટ પાવન કર્યા, હરી સાગરવાસી.
વંદન. ૪

કલ્પતરૂ સેવન થકી, વાધે તૃષ્ણા કામ;
નિગમ કલ્પ ફળ સેવતાં, હોય ચિત્ત અકામ.
વંદન. ૫

દેવી દેવ બહુ સાધના, મન ઇચ્છિત્ત આપે;
અગમ અગોચર બ્રહ્મમાં, ભાગવત થિર થાપે.
વંદન. ૬

સીડી વૈકુંઠ ધામની, ચઢવા સુજન પ્રમાણ;
પ્રેમદાસને ઉર વસો, શ્રીભાગવત પુરાણ. વંદન. ૭

દોહરા.

વૈષ્ણવ જનને વીનતી, કહું નમાવી શીશ;
લઘુ બુદ્ધિની ચપળતા, ચૂક કરો બક્ષીશ. ૧
ગાય શિખેને સાંભળે, જે જન પ્રેમશૃંગાર;
પ્રેમદાસંજન તેહને, અશિષ કહે અપાર. ૨
શાક શત સત્રહ ષષ્ઠનવ, ભાવ નામ વર્ષમાન;
સંવત ઉનવિશ ત્રીશના, ભાદ્રપદ ચોથ નિદાન. ૩

ઇતીશ્રી પ્રેમશૃંગાર સમાપ્ત.

શીળસૃંગાર.

(હિંદુસ્તાનીમાં)

દોહરા.

વંદૂ હરિગુરૂ સંતકું, કહું શીલસીંગાર;
જાહીતેં શ્રીહરિ લહે, નાસે દોષ બિકાર. ૧
દૈવીમાયા ગુણમયી, દૂસ્તર કહિ જદુરાય;
સજ્જન ભક્તિ સીલતેં, તરે હરીકું પાય. ૨
ભક્તિ જ્ઞાન વૈરાગ પદ, સીલ બિના ન રહાય;
શીલહિતેં ફલ દેતહેં, જ્યું તરૂ શુભથલ પાય. ૩
કુતર્ક કર્મ કુબુદ્ધિ દુખ, કુગતિ કુલચ્છન જાય;
ભક્તિ સીલ સંપન્નજન, મહા મુકતપદ પાય. ૪
શિષ પૂછે ગુરૂદેવકું, મુકિત પદારથ સાર;
ગુરૂ કિયો ઉપદેશ તબ, ત્યાગો બિષય બિકાર. ૫
ગુરૂ વચન યહ શીષકું, સુનત અસંભવ લાગ;
વિષયાધીન શરીરહે, કૈસેં હોવે ત્યાગ. ૬
શબ્દ પરસ રસ રૂપ બિન, દેહ રહે પલ નાંહિ;
અનૂકૂલ પ્રતિકૂલતા, રહી ભોગકે માંહિ. ૭
અનૂકૂલ પ્રતિકૂલમે, રાગ દ્વેશ ભી હોય;
કૈસેં તાકું ત્યાગિયે, સતગુરૂ કહિયે સોય. ૮

ગુરૂ દેવ સોહી કહે, ત્યાગ કરનકી રીત;
કોઊ કાજ ન બનતહે, કરે સુજન બિપરીત. ૯
એદ બિરોધી પાપ બિખ, દેશ કરો તજિ તાય;
છમા દયા સંતોષ સત, આર્જવ અમૃત પાય. ૧૦

श्लोक.

मुक्तिमिच्छसिचेत्तात, विषयान् विषवत्त्यज;
क्षमार्जव दया तोष, सत्यं पियूषवद्भज. १
इति अष्टावक्रवचनात् तथा अन्यच्च
क्षमा सत्यार्जवं तोषं, सतामाचार दर्शनं;
सर्व भूत दयावंतो, आहिंसा निरता सदा. २
इत्यादि वाक्यांतें पंचामृत कथनीय हेतोमे
प्रथम क्षमा कहतहे

દોહરા.

સંગ છમામૃત ભોગિયે, સબ્દાદિક જો ભોગ;
મુકત કરે ભવખેદતેં, લગે ન વિખકો રોગ. ૧૧

श्लोक.

अतीर्थीचापवादीच्च । द्वावेतौ ममबांधवौ ॥
अपवादी हरेत्पापं । अतिथि पुण्यदायकः ॥१२॥

અર્થ.

સજ્જન દુર્જન બંદિયે, દોઊ બંધવ માન;
સજ્જન દેખે પુન્યગુન, દુરજન અઘહર જાન. १२

प्रथम सज्जन लच्छन

श्लोक.

मनसि वचसि काये पुण्य पीयुष पूर्णा:
त्रिभुवनमुपकार श्रेणिभिप्रीणयंत:
परगुण परमाणून् पर्वती कृत्य नित्यं,
निजत्द्दादि विकसंति संतिसंत: कियंत: १३

याको अर्थ

कुंडलिया.

કાયા મન બાની બિખે, ધર્મામૃત રહે પૂર;
સર્વ જીવ ઉપકાર કરિ, ભય ભ્રમ ટારે દૂર.
ભય ભ્રમ ટારે દૂર, પાર ગુનરજ સમ જોઇ;
મેરૂ સમ કરિ લખે, સદા મન મુદિત સો હોઇ.
જન એસા જકતમે, કોઉ વિરલા હે જાયા;
ધર્મસીલ પરિપૂર્ણ, રહે જાકે મન કાયા. १३

દોહરા.

દેહ ઇંદ્રિ મન સાધકે, રહે હરીમેં લાય;
સોઇ સાધૂ જાનિયે, બરતે સીલ સુભાય. ૧૪
સજ્જન ગુન જગ પ્રગટહે, ભાખત બહુત પ્રમાન;
દુર્જન ગુન અતિ ગુપ્ત હે, તાકો કરૈં બખાન. ૧૫

श्लोक.

लोके गरीयसी माता । मातृतोप्यधिकः खलः;
मातुर्मलंतु हस्ताभ्यां खलः छालातिजिह्वगा: १६

याको अर्थ

કવિતમનહર.

કહે જન સબ કોય હેતુ માતપિતા દોય,
તાહિ માંહિ માતાહિત સુજન પ્રમાનહી;
તાહિ તેં પરમહેતુ દુર્જન હે જગમાંય,
તાકો ગુન અધિક સો કોઉક પિછાનહી;
માતા આપ પુત્રમલ ધોવત હે હસ્ત કરી,
નિજહિત કરનકું સ્વારથહી જાનહી;
દુર્જન સો જિવ્હા કરી ધોવત પાપાદિમલ,
તામેં નિજ અર્થ હાની કરત ન માનહી. ૧૬

श्लोक.

जीवेन्ममारीसतु चीरकालं।यस्य:प्रसादेनविचक्षणोहम्
यदायदामेस्खलिता चबुद्धि, तदातदामांप्रतिबोधयन्सन्

ઇંદવ છંદ.

શત્રુ રહો ચિરજીવ જુગોજુગ જાસુ દયા હમકું ગુનદાઇ,
દુર્મતિ આવતહે મનમે જબ હોત ન જ્ઞાન બિચાર ભલાઇ;
તાહિ ઉચારક પાપ નિવારક દોષ સુધારક બોધ કરાઇ,
તાહિત વંદત હું નિતદુર્જન નિંદિકરોજન બારિ સહાઇ. ૧૭

श्लोक.

मन्निदया यदिजन: परितोषमेति;
नन्व प्रयत्न सुलभोयमनुग्रहोमे,
श्रेयोर्थिनोहि पुरुषा परतुष्टिहेतो
दु:खार्जितान्यपि धनानि परित्यजंती. १८

अर्थ.

ઇંદવ છંદ.

જો અવગ્યા કરિ મોરિ કદાચિત, હોય સુખી દુખદાયક માંહી;
તો હમકુ અનુકૂલ સદા હરિ, જોગ જપાદિક જત્ન વિનાહી

જોજન ઇચ્છત આપ કલ્યાન સદા ઉપકારહીં મે વરતાહો;
કષ્ટસહેજેહિ કાજસદા જનસોધનખરચકરેપલમાંહી.૧૯

કુંડળિયા.

દુષ્ટજંતસે જગતમે, દુર્લભ પ્રીતી યોગ;
સોમોકુ અનુકૂલ જો, હરખે નિંદક લોક.
હરખે નિંદક લોક, લહે દુર્ગુનહિ કબુદ્ધિ;
ગુનગ્રાહી ગુનગ્રહે, દોષગ્રહે દૂષિત બુદ્ધિ.
જ્યું ગો અસ્તનપાન, વત્સ કરિ હોવે પુષ્ટ;
ખિલિ જંતુ લહે રૂધિર, તથા દૂષણ લહે દુષ્ટ. ૧૯

દોહરા.

દુર્જન નિંદત જિનહિકું, જગતેં ઉધરે સોઇ;
હરિશ્ચંદ્ર પ્રહ્લાદ ધ્રુવ, અંમરીષ જન જોઇ. ૧૯
સધના ભગત કબીરજી, નામદેવ રઇદાસ;
મીરાં નરસી આદિજન, રૂસે ન દુર્જન પાસ.

श्लोक.

क्षमा खड्ग करेयस्य शत्रव: किंकरिष्यति
अतृणो पतितो वन्हीं, स्वयमेवोपशाम्यति.

इतिवचनात् तथा अन्यच्च

क्षमावतामयं लोकः परश्चैव क्षमावता
इहसन्मानमृच्छांति परत्रचशुभांगतिं. २२
इति भारते वनपर्वाणि कश्यपगितायां.

દોહરા.

ક્ષમાબાન યા લોકમે, સબ બિધિ પાવતમાન;
સુગતિ લહે પરલોકમે, સજ્જન કહે પ્રમાન. ૨૧
ભવબંધનકો છેદનો, અસંગાસ્ત્ર તેં હોઇ;
અર્જુનકો કહ શ્રીહરી, ગીતામાંહી સોધ. ૨૨
નિંદા હોવે દોષકી, કીરત ગુનકી હોઇ;
આગમ નિગમ પુરાનજન, જગમે કહે સબ કોય. ૨૩
રહિત દોષ ગુન આતમા, જ્યું આકાશ અસંગ;
કૈસે તામે સંભવે, નિંદા કીર્તિ પ્રસંગ. ૨૪
કીર્તી માની આપમેં, કરે રાગકે કોષ;
નિંદા માની આપમેં, ખેદ લહે કર રોષ. ૨૫

श्लोक.

अभिमानं सुरापानं, गौरवं महा रौरवं;
प्रतिष्ठा सुकरीविष्ठा, त्रयंत्यक्त्वा शुचिर्भवेत्. २६

દોહરા.

ગૌરવ રૌરવ તૂલ્ય હે, સુરાપાન અભિમાન;
શૂકરવિષ્ઠા કીર્તિ લખિ, તજ શુચિ હોહિ સુજાન. ૨૬
કામી પરસ્વારથ કરે, લોભી પરઉપકાર;
સ્વાર્થ પરાર્થ બને નહીં, ઉપજે ક્રોધ બિકાર. ૨૭

श्लोक.

त्रिविधं नरकस्येदं । द्वारां नाशितमात्मन:
कामक्रोध स्तथालोभ तस्मादेतत्त्रयं त्यजेत्. २८

દોહરો.

કામ ક્રોધ લોભાદિ અઘ, રજ સંભવ તેં ભાગ;
મહાઅશનિ મ્હાપાતકી, મહાશત્રુસમ ત્યાગ. ૨૮

છપયછંદ

મનગયંદ બલવંત, તાસકો રૂપ સુનીજે;
કામક્રોધ મદલોભ, ચાર યહ ચરન ગુનીજે.
મચ્છર જાકો સીસ, ઇક્ષણા સુંડિ ડુલાવે;
દંભ દસન હે પ્રગટ, કલ્પના કાન હલાવે;

દુર્બુદ્ધિદ્રગ દેખત રહે, પ્રવર્તિ પુંચ્છ પિછે ફરે;
સદભક્તિશીલ અંકુશ ગહી, ગુરૂગમન્જન નિગ્રહ કરે. ૨૯

इतिश्री क्षमाअंग संपूर्ण.

अथ आर्जवांग प्रारंभ.

श्लोक.

निरागस्य स्वरूपंतु पूर्वमेव प्रवर्तते,
मृदुर्भवत्य हंकार: प्रसीदत्यार्जवंनयत. १

દોહરો.

પૂર્વહિતેં વૈરાગકો, રૂપ પ્રવર્ત્યો સાર;
આર્જવ પ્રાપત હોતહી, શિથળ હોય હમકાર. ૧

श्लोक.

आत्मोपमेन सर्वत्र समपश्यतियोर्जुन
सुखं वा यदिवादु:खं, सयोगी परमोमत: २

દોહરા.

આપાવત સબકું લખે, સુખદુખ આપ સમાન;
પરમયોગિ આરજ કહ્યો, પારથકું ભગવાન. ૨

सुजनो नयाति वैरं, परहितकार्ये विनाशकालेऽपि
छेदेऽपि चंदन तरु: सुरभयाति मुखं कुठारस्य,

घृष्टं घृष्टं पुनर पुनश्चंदनं चारुगंधं ।
छिन्नं छिन्नं पुनरपि पुन:स्वादु चैवेक्षुकांडं ॥
दग्धं दग्धं पुनरपि पुन: कांचनं कांतवर्णं ।
नप्राणान्ते प्रकृति विकृति जायते चोत्तमानाम् ॥

છંપય

છેદે અગર કુઠાર, તાહિકુ ગંધ લગાવે.
ઓવાણ અગ્નીતાપ, તમકી મેલ વહાવે;
દુગ્ધ તપે હાય મિષ્ટ, દધિ મથતે કાઢે ઘૃત,
શુદ્ધ કરે જલભોમિ, ખનનતેં અંન ઉદકછત;
ફૂલ દેવે તરૂવર મારતેં, ઐસે ગુન ઉરમાં ધરત,
જનઆર્જવદુર્જનદુખલહી,અવગુનતજિસદગુનકરત. ૩

दुर्जन वचनांगारे । दग्धोऽपिनविप्रियंवदत्यार्य:
अगुरु रपिविदह्यमान । स्वभाव गंधं परित्यजतिकिंनु. १

કવિત

શ્રીહરિકી શકિત દોઇ, વિદ્યા રૂ અવિદ્યા સોઇ;
અવિદ્યા અભકતકું દે, વિદ્યા ભકત દેતહે.

તાહિકે આધિન શુભ અશુભ કરત જન;
સમજી ન ગુન દોષ ધરત સુચેતહે.
જૈસે કેકીકેકૂ બસ, બકત અશુભ બેન;
જેસે સન્નિપાત કર ભયો વશ પ્રેતહે.
એસે આરજવ ગુન, ગ્રહત વિવેકી જન;
પ્રેમદાસ દોષ તજી, ગુન ગ્રહી લેતહે. ૪

तत्र । गीतावाक्यं

विद्याविनय संपन्ने, ब्राह्मणेगविहस्तिनी।
शूनीचैवश्वपाकेच पंडिता समदर्शिन: ५

અર્થ

દોહરા.

વિદ્યા વિનય વિવેક યુત, સુજન વિપ્રકે ભાય;
સમદરશન શ્વપચાદિમે, આર્ય કહ્યો જદુરાય. ૫

आर्जेव वर्तमानस्य ब्राह्मण्यमभिजायते
श्रेष्ठंनदेव भूतानां, ब्रह्मयामीमुपास्महे. ६

દુહા.

આર્જવમાંહિ પ્રવર્તજન, બ્રહ્મદ્રષ્ટી યુત હોઇ;
બ્રહ્મજન્મ સબ શ્રેષ્ઠકી, કરૂં ઉપાસના જોઇ. ૬

આર્જવ લચ્છન યહ કહ્યો, સબ સાધનકો સાર;
જો ધારે જન તાસકી, પ્રેમદાસ બલિહાર. ૭

इतिश्री आर्जव अंग संपूर्णम्

अथ दया विशेष वर्णन

દોહરા.

જીવ દયા સામાન્યકે, ધારકજન બહુ હોઇ;
બર્ણન દયા બિશેષ કહું, ધારક સજ્જન સોઇ. ૧

श्लोक.

ज्ञानंतत्वार्थ संबोध: शमश्चित्तपशांतता
दया सर्वं सुखैशित्व मार्जवं सम चित्तता. २

દોહરા.

શમચિતહીકું શાંત્તતા, તત્વ અર્થકુ જ્ઞાન;
આર્જવ હે શમચિત્તતા, દયા સર્વ સુખદાન. ૨

કુંડલિયા.

તજિ શુભ લચ્છન સાધુકે, દુર્જન ગહે બિકાર;
તાહિ દોષતેં જકતમે, ફિરે કુજોનિ અપાર.
ફિરે કુજોનિ અપાર, તિનહિકી કરૂના ધારે,
કરિહરિકો આરાધ, તાસુ કલ્યાન ઉચારે;

તાપર કરૂણા રાખિ, શ્રેય ચાહે હરિહર ભજિ;
લઘુદૂષાણ કરિ મહત, ગાય શુભ ગુનકૂ જો તજિ. ૩
દુખ કંટક દુર્જન કરે, કરે તાહિ ગુન ફૂલ;
દુર્જન દુખ દુર્જન લહે, લગે ન સજ્જન શૂલ;
લગે ન સજ્જન શૂલ, લેખ વિધિકો બિખ્યાતા;
કરે સોઇ ફલ લહે, કર્યા બિન કોઉન દાતા;
સજ્જન દુર્જન આપ, આપકૃત પાવે દુખ સુખ;
કાજ સુધારન આપ, ન દેવે દુરિજનકું દુખ. ૪
ખાણ સર્વ ગુનકી દયા, દયા ધર્મકો મૂલ;
દયા સર્વ સુખ દેતહે, હરે સુજન અઘ શૂલ;
હરે સુજન અઘશૂલ, શાન્તિ સુભગતિ સુખદાતા;
આર્જવ છમા સુશીલ, સકલ શુભગુનકી માતા;
દયા સુજન ઉધ્ધાર, કરન શુભ સાધન જાની;
પ્રેમદાસ દુખ હરત, દયા સબ ધર્મકિ ખાની. ૫

દોહરા.

દયાયુકત નિર્દોષ ગુન, સેવે ઉરમેં ધાર;
પ્રેમદાસ જન તાહિકું, વંદન કરત અપાર. ૬

इतिश्री दया अंग संपूर्ण.

अथ संतोष अंग प्रारंभ.

દોહરા.

મુક્ત હેતુ સંતોષહે, બંધન હેતૂ આશ;
તોષ ખડગતેં છેદિયે, આશા તૃષ્ના પાશ. ૧
તૃષ્ના જરજર પાત્રહે, ભર્યો નૂન્ય હો જાય;
ગાફલ જન સો કરતહે, તાકો ભરન ઉપાય. ૨
વિશ્વ ઉદર આકાસસો, ભરે જ્યોતિ તમ પાય;
કબહુ ન તૃષ્ના ઉર ભરે, ચૌદ લોક સુખપાય. ૩
સુખી સોઇજન જગતમેં, જિન પાયો સંતોષ;
દુખી સોઇજન જગતમેં, જિનમે તૃષ્ના દોષ. ૪

કુંડલિયા.

હોય સુરપતિ લે સુરતરૂ, ચિંતામણિ લે કોય;
જો ન મિટી ચિતચાહના, દીન દીનકો સોય;
દીન દીનકો સોય, સર્વ લહિ કછૂ ન પાયો;
જિન પાયો સંતોષ, વિનાપાયે સબ પાયો;
એમદાપ ઘૃત અગ્નિ, પરત તૃપ્તિ ન લહ કોય;
ચિંતામણિ સુર ધેનુ, લહે પારશ સુરપતિ હોય. ૫

સજ્જનકું સબ લાભકી, અવધીહે સંતોષ;
બિન સંતોષ ન મિટતહે, ચિત્તચાહના દોષ;
ચિત્તચાહના દોષ, ભર્યા કોઉ તૃપ્તિ ન પાયા;
જ્યૌં ઇંદ્રાસન બૈઠ, ઋષીગૌતમ ગૃહ આયા;
પ્રેમદાસપ્રભુ શરન, હોય કરિયે ચિતમજ્જન;
સર્બ લાભકી અવધિ, લહે સંતોષી સજ્જન. ૬
જાકે આશા અર્થકી, સોહી જગકો દાસ;
સ્વામી સોહી જાનિયે, જાકો ચિત્ત નિરાશ;
જાકો ચિત્ત નિરાશ, સોહી સુરપતિકો સ્વામી;
તૃપ્તિ મેં કહા લાભ? કહા પૂરનમેં ખામી; ?
પ્રેમદાસપ્રભુ શરન, બિના નહિં ઇચ્છા તાકે;
બિખ ભોજનસમ સર્વ, ભોગ આશા ગઇ જાકે. ૭
ધન સાધૂ સંતોષહે, ઔર સર્વ દુખ ખાન;
તોષ સંપતી પાયકે, મેટો મનકી તાન;
મેટો મનકી તાન, તોષહી મ્હાધન ગાયો;
તૃષ્ના મહા દરિદ્ર, જાહિતેં કછૂ ન પાયો;
પૂર્ણ તૃપ્તિ સંતોષ, લાભ મ્હાઆનંદ કો ધન;
પ્રેમદાસજન ગહે, તોષ નિર્દોષી કો ધન. ૮

સુરદેવીકી સેવતેં, મન ઇચ્છિત સુખ હોય;
ઇચ્છારૂપ દરિદ્ર દુખ, મનકો મિટે ન કોય;

મનકો મિટે ન કોય, મૂલ લઘુતાકો ઇચ્છા;
જિમિ સુરપતિ સુરકાજ, લઇ બામન હોહિ ભિચ્છા;
ગુરૂતા મૂલ નિરાશ, લહે સજ્જન હરિ સેવી;
બિન સંતોષ ન દુઃખ, મિટે પૂજે સુરદેવી. ૯
અનુપ અચાહ અથાહમન, પરિ પૂરન નિષ્કામ;
સંતોષીજન સિંધુસમ, કહે હરિ પૂરન કામ;
કહે હરિ પૂરન કામ. સંપતી બિપતિ ન જાકું;
અધિક ન્યુન્ય નહિ હોય, મિલે ન મિલે સુખ તાકૂં;
પ્રેમદાસ તજિ આશા, ભજો નિત રામ સ્વરૂપ;
અચલ સિંધુવત હરી, કહ્યો સંતોષ અનૂપ. ૧૦

इतिश्री संतोष अंग समाप्त.

अथ सत्य अंग प्रारंभ.

દોહા.

સત્ય એક પરમાતમા; તા બિન સત્ય ન કોય;
તાહીકો ચિંતન કરે, કથન સત્ય હે સોય. ૧

श्लोक.

सत्यस्य वचनं श्रेय: सत्यज्ञानं हितं भवेत्
यद्‌भूताहितमत्यंतं, तद्वैसत्यं परंमतं. १

છપ્પય છંદ.

સજ્જન ઉર શ્રીરામ, સત્ય સો મુખતેં ભાખે;
અસત અનાતમ દુઃખ, તાહિકું નહિં અભિલાખે;
સાચો બોલે સાચ, સાચ લ્હે સાચો સોઇ;
સાચો જૂઠ ન કહે, જાસુ અંતર સત હોઇ;
જોઇ અહાર ભચ્છન કિયો, સો ઉદ્ગાર લહે ખરી;
જન પ્રેમદાસ સજ્જન હૃદય, સત્યએક શ્રીપતિ હરી. ૧
સત્ત ન ભૂજલ તેજ, વાયુ નભ ઇંદ્રિય ધારી;
નહિ સુક્ષમ સંઘાત, પરસ્પર હે વિભિચારી;
સત્ત સર્વ અનુસુત, સર્વગત સબતેં ન્યારા;
સત્ત સનાતન એક, અવસ્થા ત્રયગુન પારઃ;
સબ બાદ કિયેતેં જો રહે, અજ અનંત હમ તુમમહી;
સો સત્ય સ્વયં કેવલ સદા, રામ રૂપ સબગત સહી. ૨

ઇંદવ છંદ.

કાનનિ સુમિલિ કાન સુનાવત, વાકનિસૂમિલિવાકબખાને;
નૈનનસે મિલિ નૈન નિહારત, પાવનિ સુમિલિ પાવ પ્રમાને;
જીભ જીવ્હામિલિઘ્રાણુલહેસ્વરશિશ્નુત્વચાદિકભોગહિમાને
પ્રાનનમેંમિલિપ્રાનજિઆવતજીવનકોનિતજીવનજાને. ૯

દુમિલા છંદ

ઇહુ આત્મ પરાત્મક જ્ઞાન લહે તબ સ્વાત્મ અજ્ઞાન
અનાદિ ટલે ॥ ઉર સૂરજજ્ઞાન ઉદે જવ હોવત ભીતર
બ્રહ્મ ઉજાસ કરે ॥ જલમે થલમે નભમે દવમે પવ-
નાદિ સદા સબ વ્યાપપરે ॥ શુભ ચૈતન સ્વાત્મ લખે
જબ સજ્જન આપહિ આપ સમાસ કરે ૭

नाम्नोमे यावती शक्तिः पापं निर्दहतुं रमे,
तावत्कर्तुंन शक्नोति पातकं पातकी जनः ३

इति पद्मपुराणे विष्णु वाक्यं.

દોહરો.

જેતિ શક્તિ મમનામમેં, કર્તા પાપ બિનાશ;
તેતી નહિ પાપી બિખે, કર્તા પાપ વિકાશ. ૩

કવિત.

ઓર સબ સાધનતેં એક એક ફલ હોત,
સબ ફલ હોત એક શ્રીહરિકે જાપમે.
જ્યું સુધાકે પાનમાંહિ સબ રસ પાન હોત;
સબ ધન લાભ ચિંતામનિ કે પ્રતાપમેં.

ભૌમિરાજમાંહી સબ ગામકો અમલ ભયો;
તરૂ સબ જાનો એક બીજહીકે થાપમેં.
ऐसे જાની વિધિહર શેષ મુનિ સમરત;
પ્રેમદાસ પ્રભુજગ ધર્યો સબ આપમેં. ૪

યાપર પ્રશ્ન.

કબિત.

અનણુ અસ્થુલ હરિ અણુસ્થૂળ જોહે નાંહિ;
તામે કૈસે મહાસ્થૂલ, બ્રહ્માંડ નિવાસહી?
શુકિતમે રજત જૈસે, રજ્જુમાંહી સર્પ આદિ.
અન્યમે પ્રતિતિ અન્ય, ભ્રાંતિ સો વિભાસહી;
સર્પત્વાદિ ધર્મ સો તો સર્પમાંહી હે પ્રસિદ્ધ.
રજ્જુમાંહિ નહિ પરિ રજ્જુમે, બિલાસહી;
જેસે હિતા નાડીમાંહી સ્વપ્ન જગ ભાનુ હોત.
તૈસે આરોપિત જગ હરિમેં આભાસહી. ૫

દોહરા.

શિબી દધીચિ હરિચંદ રઘુ, અંબરીખ બલિ ભૂપ;
મોરદ્વજ આદિક ભયે, સત ધારક સદરૂપ. ૬
રંતિદેવ કદરજ ભરત, શુક જમદગ્નિ સુજાન;
દુસ્તર હરિ માયા તરે, શિલ સિદ્ધાંત પ્રમાન. ૭

श्लोक.

आनृशंस्यंपरो धर्मः क्षमाच परमंबलं
आत्मज्ञान परंज्ञानं, नसत्यं व्रतपरं व्रतं. ८

દોહરા.

દયા સમાન ન ધર્મ કછુ, બલ નહિ ક્ષમા સમાન.
સત્ય વ્રત્ત સમ વ્રત નહિં, આત્મ જ્ઞાન સમ જ્ઞાન. ૮

કુંડળિયા છંદ.

સજ્જન ભૂષણ શીલહે, કહ્યો સોહિ સીંગાર;
જો યાકો ધારન કરે, શોભા લહે અપાર.
શોભા લહે અપાર, શિઘ્રચિત શાન્તિ પાવે;
તૃપ્તિ નિરંકુશ હોય, દ્વંદ દુખ દૂર બહાવે.
પંચામૃતકો પાન, કરત હોવે ચિત મજ્જન;
હરિજન ઉરમાં ધરો, શીળ આભૂખન સજ્જન. ૯
ભક્તિશીલ સમ નહિ સુધા, તાકો સુન્યો પ્રભાવ;
અમૃત પીતા રાહુકો, મિટયો ન અસુર સ્વભાવ;
મિટયો ન અસુર સ્વભાવ, રહ્યો જીવન દુખદાઇ;
રવિચંદ્રકે સંગ, વિષમતા બહુત બઢાઇ;

સૌકિ જ્ઞાતિ પ્રલ્હાદ, તજી અસુરનકી ઉકતી;
નારદ સજ્જન સંગ, લહી ઉત્તમ હરિભકિત. ૧૦

છપય છંદ.

હરિ ગુરૂસંત પ્રસાદ, પાઇ બલ પ્રેમદાસ જન;
ગીતાદિકકો સાર, ગ્રહન કરિ કહ્યો શીલતન;
દૈત્યરાય બિન શીલ, વૈકુંઠમેં હરિ ન દેખો;
શીલવંત પ્રલ્હાદ, થંભ આદિક મે પેખ્યો;
દોઉ અસુર જાતિ બિજ્ઞાનસમ, ભકિત શીલ અંતર રહ્યો;
તાકરીભકતઅનભકતદોઉ,સુરનરમુનિજનસબકહ્યો.૧૧
विद्याविवादाय धनं मदाय, शक्तिपरेषां पर पिडनाय;
खलस्यमेतत्विपरीतसाधो, ज्ञानायदानायपररक्षणाय.

છપ્પા.

વિદ્યાતેં કરવાદ, દ્રવ્ય મદકારન હોહી;
શકતીતેં પરપીડ, કરે જન પાપી સોઇ;
ઇન ખલ ગુનતેં ભિન્ન, લહે શુભગુન ઉરસજ્જન;
દુષ્ટકર્મકો ત્યાગ, કરે નિજપર મન મજ્જન;
વિદ્યા જ્ઞાન દ્રવ્ય ધર્મતે, શકિત કરે ઉપકારપર;
જનપ્રેમદાસ જગ ઊધરે, શીલવંત જો સુઘડનર. ૧૩

સોરઠો.

પથ્થર રજજલ રેખ, ઉત્તમ મધ્યમ મંદગુન;
કુગુનહિ વ્યતિક્રમ દેખ, સુગુન અનુક્રમ જાનિયે. ૧૪

દોહરા.

સજ્જન ગુનગન બરનિકે, પીછે દુર્જન ગાય;
સિરપ્રછાલન કરિ યથા, બહુરિ પ્રછાલત પાય. ૧૫
પ્રથમહિ દુર્જન બરનિગુન, પીછે સજ્જન માન;
મુખ પ્રછાલન આદિજ્યું, ધોવન ગુદાવિધાન. ૧૬
જો સજ્જન ધારન કરે, ઉરમેં સીલ સીંગાર;
પ્રેમદાસ કહે તાહિકું, આશિષ વારંવાર. ૧૭

છપ્પા છંદ.

વૃદ્ધિ અધિક ધન ધાન્ય, વૃદ્ધિગુન જ્ઞાન સુબુદ્ધિ;
વૃદ્ધિ પુત્ર પરિવાર, વૃદ્ધિ તપ દાન સમૃદ્ધિ;
વૃદ્ધિ કીર્તિ તનકાન્તિ, વૃદ્ધિ સુખ ભોગ ભૂમિથલ;
વૃદ્ધિ અરૂજ આયુષ્ય, વૃદ્ધિ ભગભૂરિ ભોગબલ.
રહુ અચલરાજ નયવિજય હિત, મિત્ર વૃદ્ધિ શ્રી થિર રહે;
નિતવૈભવ વૃધ્ધિ ઉદારતા, પ્રેમદાસ આશિષ કહે. ૧

ઇતીશ્રી શીલશૃંગાર સંપૂર્ણમૂ.